Volume : 12
Issue : 120
Dt.: 29-08-2026
SATURDAY
Page:04
Rs.00.50 paisa

RNI No. GUJGUJ/2015/62352
GUJARAT VANSH
# ગુજરાત વંશ
( Published Daily From Ahmedabad )

Editor : HETALBEN J. GAJJAR Regd. Office : 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad-380 013 Gujarat, India. M. 9712926375, Email: gujaratvansh@gmail.com, Website : gujaratvansh.com

### ભયંકર પૂરનું જોખમ! ટપોટપ દુકાનો બંધ, વિસ્તારો ખાલી

# ૪૮ કલાકમાં નેપાળમાં ફરી જળ વિસ્ફોટ : વધુ એક ડેથ લેક ફાટ્યું

### રસુવાના મુખ્ય જિલ્લા અધિકારીએ કહ્યું કે ઝીલ તૂટવાની સૂચના ચીને આપી છે : ચોચેન નદી અને પુરેપુ નદીને ત્રિશુલી નદીની ઉપરી સહાયક નદીઓ તરીકે ગણવામાં આવે છે

કાઠમંડુ,

ચીન બાજુ આવેલી એક ઝીલ શુક્રવારે ફાટી છે અને તેના કારણે ચીનની સાથે સાથે નેપાળનું પણ ટેન્શન વધ્યું છે. નેપાળમાં જોખમનું એલર્ટ બહાર પાડવામાં આવ્યું છે. ચીન તરફથી ભારે પૂરનો અંદેશો છે ત્યારબાદ નુવાકોટમાં લોકોએ પોતાની દુકાનો બંધ કરી છે. રસુવાના સીડીઓએ કહ્યું કે એવી સૂચના મળી છે કે ચીન તરફની એક ઝીલમાં તિરાડ પડી છે. ચીનમાં ચોચેન નદી અને પુરેપુ ત્સાંગપો નદીના સંગમ પાસે બનેલી એક વિશાળ ઝીલ ફાટી છે. રસુવાના મુખ્ય જિલ્લા અધિકારી નરેન્દ્ર પરિયારે કહ્યું કે ઝીલ તૂટવાની સૂચના ચીને આપી છે. ચોચેન નદી અને પુરેપુ નદીને ત્રિશુલી નદીની ઉપરી સહાયક નદીઓ તરીકે ગણવામાં આવે છે. અત્રે જણાવવાનું કે નેપાળ ત્રાસદીમાં અત્યાર સુધીમાં ૪૭૫ લોકોના મોત થયા છે. મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. બીજી બાજુ સરકારી મીડિયા મુજબ ચીને તિબ્બતમાં બચાવ અભિયાન રોક્યું છે. ત્યાં જીવલેણ કિચડ, અને કાટમાળના પ્રવાહના બે દિવસ બાદ પણ અનેક લોકો ગૂમ છે તથા ફરીથી પૂર આવવાનું જોખમ છે.



પ્રશાસન તરફથી ફરીથી એકવાર એલર્ટ બહાર પાડવામાં આવ્યું છે. રસ્તાઓ પર અફરાતફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્રિશુલી બજાર તરફથી આવનારા રસ્તા પર લોકો ભાગતા જોવા મળ્યા છે. તેમનું કહેવું છે કે પાછળથી સૈલાબ આવી રહ્યો છે. ડરના માર્યા લોકોએ પોતાની દુકાનો બંધ કરી લીધી છે અને પોતાના પરિવાર અને સંબંધીઓ સાથે ઉચાણવાળા વિસ્તારોમાં જઈ રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, લોકોને સતત નદી પાસેથી હટાવવામાં આવી રહ્યા છે. પાણીનો જબરદસ્ત સૈલાબ પાછળથી આવતો જોવા મળી રહ્યો છે. રેસ્કયૂ ટીમ લોકોને લઈને ઉંચાણવાળા વિસ્તારો તરફ જઈ રહી છે. નેપાળ અને ચીનની સરકારો સતત કહી રહી છે કે હજુ પણ જોખમ ટળ્યું નથી. આગામી ૭૨ કલાક ફુબ મહત્વના રહેશે. નેપાળમાં બુધવારે આવેલા વિનાશકારી પૂર બાદ રાહત અને બચાવ કાર્યમાં લાગેલા સુરક્ષાદળો અને સ્થાનિક લોકોને પ્રશાસને સમયસુર સુરક્ષિત સ્થળો પર જવાની અપીલ કરી છે. નેપાળ પોલીસે પણ એલર્ટ ઈશ્યું કર્યું છે. પોતાના અધિકૃત એક્સ હેન્ડલ પર લખ્યું છે કે એવી સૂચના મળી છે કે તિબ્બત તરફ પાણીનો બંધ ફાટ્યો છે. આથી તમામ સુરક્ષાદળો, રેસ્ક્યૂકર્મીઓ, જે રાહત અને બચાવ કાર્યમાં લાગેલા છે અને સામાન્ય લોકોને તરત જ સુરક્ષિત સ્થળો પર જવાની અપીલ કરવામાં આવે છે.

પૂર આવવાનું આ જોખમ નેપાળ ઉપરાંત ચીન તરફ પણ બહાર પાડવામાં આવ્યું છે. ચીનના અધિકારીઓએ પોતાના વિસ્તારના લોકોને પણ સુરક્ષિત સ્થળો પર જવાનું એલર્ટ બહાર પાડ્યું છે. ત્યાં નદીના સામાન્ય જળસ્તરથી ૫ ગણું વધુ જળસ્તર વધે તેવું અનુમાન કરાયું છે. ચીને પોતાના ત્યાં જોખમવાળા વિસ્તારોમાં લોકોને નદીના તટથી ૧ કિલોમીટર દૂર જવાની અપીલ કરી છે. અત્રે જણાવવાનું કે નેપાળ ત્રાસદીમાં અત્યાર સુધીમાં ૪૭૫ લોકોના મોત થયા છે. મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. બીજી બાજુ સરકારી મીડિયા મુજબ ચીને તિબ્બતમાં બચાવ અભિયાન રોક્યું છે. ત્યાં જીવલેણ કિચડ, અને કાટમાળના પ્રવાહના બે દિવસ બાદ પણ અનેક લોકો ગૂમ છે તથા ફરીથી પૂર આવવાનું જોખમ છે.

---

### હજુ ૧૦૦થી વધુ લોકો ફસાયેલા છે

## ત્રિશૂલી ટનલમાંથી ૬૩ ભારતીયો સહિત ૩૫૦ શ્રમિકનો આબાદ બચાવ

### હાલમાં પણ વિનાશક પૂરના પાણી વચ્ચે બચાવ કામગીરી પાર પાડવી જોખમી અને પડકારજનક સાબિત થઈ રહી છે

નવી દિલ્હી,

નેપાળમાં કુદરતના પ્રકોપ અને ભોટેકોશી નદીમાં આવેલી ભયાનક પૂરની હોનારત વચ્ચે આશાનું એક કિરણ પ્રગટ્યું છે. મોત અને જીવન વચ્ચે ઝોલા ખાતા ૩૫૦ જેટલા લાચાર શ્રમિક અને સ્થાનિક ગ્રામજનો માટે નેપાળી સેના તારણહાર બનીને આવી હતી. રસુવા જિલ્લામાં આવેલા અપર ત્રિશૂલી હાઈડ્રોપાવર પ્રોજેક્ટની અંધારી ટનલમાં ફસાયેલા ૩૫૦ કમનસીબ લોકોને સેનાએ કાળજીપૂર્વક જળપ્રવાહ અને ખરાબ મોસમ વચ્ચેથી બહાર કાઢીને નવજીવન આપ્યું છે. આ સુરક્ષિત બચાવેલા લોકોમાં ૬૩ જેટલા ભારતીય નાગરિકો પણ શામેલ છે, જેમના પરિવારજનો પોતાના સ્વજનોની એક ખબર માટે કાળજું હાથમાં રાખીને બેઠા હતા. હાલમાં પણ વિનાશક પૂરના પાણી વચ્ચે બચાવ કામગીરી પાર પાડવી અત્યંત જોખમી અને પડકારજનક સાબિત થઈ રહી છે. રેસ્ક્યૂ અધિકારીઓના જણાવ્યા મુજબ, ટનલના ભયાનક અંધકાર વચ્ચે હજુ પણ ૧૦૦થી વધુ કમનસીબ લોકો આશા-નિરાશા વચ્ચે ફસાયેલા છે, જેમને સલામત બહાર લાવવા માટે સેનાના સાહસિક જવાનો રેસ્ક્યૂ ઓપરેશન ચલાવી રહ્યા છે. ત્રિશૂલી સ્થિત સેનાના સેકન્ડ મુવમેન્ટ ટેક્ટિકલ હેડક્વાર્ટરના વોરંટ ઓફિસર ભક્તજન બસનેટ અને સેકન્ડ લેફ્ટનન્ટ અભિષેક શાહીના નેતૃત્વ હેઠળ જુદી જુદી ટુકડીઓએ અતિ સંવેદનશીલ એવા સ્યાફ્રુબેસી, ટિમુરે, મેલુંગ અને હાકુબેસી વિસ્તારોમાંથી કુલ ૮૮૩ પીડિતોને સુરક્ષિત સ્થાને ખસેડ્યા છે. નેપાળમાં ગત ૨૬ ઓગસ્ટે ગ્લેશિયર ફાટવાને કારણે બરફ, પથ્થરો અને મિશ્રિત કાંપના વિસર્જક પ્રવાહે માર્ગમાં આવતું બધું જ તહસ-નહસ કરી નાખ્યું હતું. આ ભયાનક આપત્તિમાં અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ લોકો કાળનો કોળિયો બની ચૂક્યા છે. અસંખ્ય ઘરો, રસ્તાઓ અને પુલ જમીનદોસ્ત થઈ ગયા છે અને હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સને નુકસાન પહોંચતાં ૪૩૧ મેગાવોટ વીજ ઉત્પાદન ઠપ થઈ ગયું છે. ચારેય તરફ સ્વજનો ગુમાવનારા લોકોનો આક્રંદ અને વિનાશનું બિહામણું દ્રશ્ય પથરાયેલું છે. જુના ઘા હજુ તાજા છે ત્યાં જ નેપાળ પર ફરી એકવાર જળપ્રલયનો ખતરો મંડરાઈ રહ્યું છે. તિબેટ તરફ એક અસ્થાયી ડેમ/બેરીયર લેક તૂટવાના અહેવાલો મળતાં જ ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓના જળસ્તરમાં ફરી વિનાશક જળસ્તર વધારાનું એલર્ટ જાહેર કરાયું છે. નેપાળ પોલીસ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગે રસુવા, નુવાકોટ, ધાદિંગ અને ચિતવન જેવા નીચાણવાળા કાંઠાના વિસ્તારોમાં હાઈ એલર્ટ આપી લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા અપીલ કરી છે.

---

### રડતાં-રડતાં લગાવ્યો મોટો આરોપ

## કર્ણાટકના મંત્રીએ માત્ર ૨૫ દિવસમાં જ આપી દીધું રાજીનામું

બેંગલુરુ,

કર્ણાટક મહર્ષિ વાલ્મીકિ અનુસૂચિત જનજાતિ વિકાસ નિગમ કૌભાંડના આક્ષેપો વચ્ચે ઘેરાયેલા કોંગ્રેસ નેતા બી. નાગેન્દ્રએ મંત્રી પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. પુનઃ મંત્રી બન્યાના માત્ર ૨૫ દિવસમાં જ વિપક્ષ ભાજપના ભારે વિરોધ અને પ્રહારો બાદ તેમણે પોતાનું રાજીનામું સોંપવાનો નિર્ણય લીધો છે. રાજીનામાની જાહેરાત દરમિયાન બી. નાગેન્દ્ર એ પોતાના પર લાગેલા તમામ આરોપોને નકારી કાઢ્યા હતા. તેમણે રડતાં રડતાં જણાવ્યું હતું કે, 'શું વાલ્મીકિ નિગમના કોઈ વ્યવહારમાં ક્યાંય પણ મારી સહી છે? મને માત્ર એટલા માટે નિશાન બનાવવામાં આવી રહ્યો છે કારણ કે હું દલિત વર્ગમાંથી આવું છું.' તેમણે વિપક્ષ પર નિશાન સાધતાં કહ્યું કે તેમના વિરુદ્ધ દરરોજ ૧૦૦૦ જૂઠાણાં ફેલાવવામાં આવી રહ્યા છે. બેંકોની ભૂમિકા સામે સવાલો ઉઠાવતાં તેમણે ઉમેર્યું કે, 'આ સમગ્ર મામલામાં બેંકો સામેલ હતી. જો બેંકોની સંડોવણી હોય, તો શું તેના માટે કેન્દ્રીય નાણાં મંત્રી જવાબદાર નથી? કર્ણાટકની જનતા બધું જ જોઈ રહી છે.' મે ૨૦૨૪માં નિગમના એકાઉન્ટ સુપરિન્ટેન્ડેન્ટ પી. ચંદ્રશેખરનની આત્મહત્યા બાદ ૮૯.૬૩ કરોડ રૂપિયાના ગેરકાયદેસર નાણાકીય વ્યવહારનો મામલો સામે આવ્યો હતો. તે સમયે જનજાતિ કલ્યાણ મંત્રી રહેલા પૂર્વ મંત્રીએ જૂન ૨૦૨૪માં પદ છોડવું પડ્યું હતું. ૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તેમને આયોજન અને આંકડાકીય વિભાગ સોંપીને ફરીથી કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યા હતા. જોકે ભાજપ અને જેડી(એસ) દ્વારા તેમના રાજીનામાની માંગ સાથે સદનથી લઈને રસ્તા સુધી આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું અને ૧ થી ૧૦ સપ્ટેમ્બર સુધી રાયચુરથી બલ્લારી સુધી પદયાત્રા કાઢવાની જાહેરાત પણ કરાઈ હતી. વિરોધ વધુ ઉગ્ર બનતાં તેમણે જાતે જ પદ છોડવાનો નિર્ણય કર્યો હતો. તેમણે જણાવ્યું કે તેઓ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર સાથે મુલાકાત કરીને ચર્ચા કર્યા બાદ પત્રકાર પરિષદમાં વિધિવત પોતાનું રાજીનામું સોંપશે.

---

### તહેવારો પહેલા મોંઘવારીનો વધુ એક માર

## મુંબઈમાં દૂધના ભાવમાં સીધા ૯ રૂપિયાનો વધારો

### મુંબઈ મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશને દૂધની જથ્થાબંધ કિંમત ૯ રૂપિયા વધારીને ૧૦૨ રૂપિયા પ્રતિ લીટર કર્યો

મુંબઈ,

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં સામાન્ય લોકોને મોંઘવારીનો વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. મુંબઈમાં ૧ સપ્ટેમ્બરથી દૂધની જથ્થાબંધ કિંમતમાં સીધા ૯ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થવા જઈ રહ્યો છે. મુંબઈ મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશન (MMPA)એ દૂધના ભાવ વધારવાનો નિર્ણય કર્યો છે. ત્યારબાદ તાજા ભેંસના દૂધનો જથ્થાબંધ ભાવ ૯૩ રૂપિયાથી વધીને ૧૦૨ રૂપિયા પ્રતિ લીટર થઈ જશે. મુંબઈ મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશનના નિર્ણય મુજબ, નવો દર ૧ સપ્ટેમ્બર ૨૦૨૬થી લાગુ થશે અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી અસરકારક રહેશે. એટલે કે મુંબઈના રહેવાસીઓએ આગામી લગભગ છ મહિના સુધી વધેલી કિંમતો પર દૂધ ખરીદવું પડશે. ત્યારબાદ કિંમતોની ફરીથી સમીક્ષા કરવામાં આવશે. આ અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૬માં દૂધનો જથ્થાબંધ ભાવ ૯૧ રૂપિયાથી વધારીને ૯૩ રૂપિયા પ્રતિ લીટર કરવામાં આવ્યો હતો. હવે એકસાથે ૯ રૂપિયાનો વધારો કરવામાં આવી રહ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, આ સ્સૅંછના લગભગ ૭૦ વર્ષના ઈતિહાસમાં સૌથી મોટો એકસાથે વધારો જણાવવામાં આવી રહ્યો છે. દૂધ ઉત્પાદકોએ કિંમત વધારવા પાછળ પશુના ચારા અને દૂધ આપતા પશુઓની વધતી કિંમતને મુખ્ય કારણ જણાવ્યું છે. ઉત્પાદકોના જણાવ્યા અનુસાર, પશુ આહારમાં વપરાતા અનાજ, તુવેર ચૂની અને ચણા ચૂની જેવી વસ્તુઓની કિંમતોમાં લગભગ ૨૫ ટકા સુધીનો વધારો થયો છે. આ ઉપરાંત ચારો, ખોળ અને અન્ય જરૂરી સામગ્રી પણ મોંઘી થઈ છે.અમુક લોકો છબી બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે, ૨૨,૦૦૦ કરોડના પર્સનલ લોનની વાત ખોટી; ડૉ. સુભાષ ચંદ્રાનો મોટો ખુલાસો દૂધ આપતા પશુઓની કિંમતોમાં થયેલા વધારાએ પણ ઉત્પાદકોનો ખર્ચ વધાર્યો છે. આવી સ્થિતિમાં દૂધ ઉત્પાદનનો ખર્ચ વધવાની અસર હવે તેની જથ્થાબંધ કિંમત પર નાખવામાં આવી રહી છે. MMPAના ચેરમેન સી.કે. સિંહના જણાવ્યા અનુસારે, મુંબઈમાં ૩,૦૦૦થી વધુ છૂટક વેચાણકર્તાઓ દ્વારા તાજું ભેંસનું દૂધ વેચવામાં આવે છે. જથ્થાબંધ કિંમત ૯૩થી વધીને ૧૦૨ રૂપિયા થયા બાદ આ સમગ્ર સપ્લાય નેટવર્ક પર અસર પડશે. અહીં એ સમજવું જરૂરી છે કે, ૧૦૨ રૂપિયા પ્રતિ લીટર જાહેર થયેલ જથ્થાબંધ દર છે.

---

### કોંગ્રેસને બમ્પર ફાયદો, NDAને મોટો ઝટકો : સરવે

## કોકરોચ આંદોલન ભાજપ માટે માથાનો દુ:ખાવો

### જો આજે લોકસભા ચૂંટણી થાય તો NDA ૩૨૬ બેઠકો સાથે ફરી સત્તામાં આવશે : ૬ મહિનામાં ૨૬ બેઠકોનો ઘટાડો

નવી દિલ્હી,

એક ખાનગી કંપની દ્વારા કરાયેલા સરવે અનુસાર, જો આજે દેશમાં લોકસભા ચૂંટણી યોજાય તો ભારતીય જનતા પાર્ટી (BJP) ના નેતૃત્વ હેઠળનું એનડીએ (NDA) ગઠબંધન ૩૨૬ સીટો સાથે ફરીથી સત્તા પર વાપસી કરી શકે છે. જોકે, જાન્યુઆરી ૨૦૨૬ ના સરવેમાં એનડીએને ૩૫૨ સીટો મળવાનું અનુમાન હતું, જેની સરખામણીએ છેલ્લા ૬ મહિનામાં ૨૬ સીટોનો ઘટાડો નોંધાયો છે. તેમ છતાં એનડીએ બહુમતીના આંકડા કરતાં ઘણું આગળ છે અને કેન્દ્રમાં સરકાર બનાવવાની મજબૂત સ્થિતિમાં છે. આ આંકડો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૦૨૪ ના '૪૦૦ પાર' ના લક્ષ્યાંકથી ઘણો પાછળ છે. પાર્ટીવાર આંકડાઓ પર નજર કરીએ તો ભાજપને સૌથી વધુ નુકસાન થતું જણાય છે. તાજા સરવેમાં ભાજપને ૨૬૧ સીટો મળવાનું અનુમાન છે, જે જાન્યુઆરી ૨૦૨૬ માં ૨૮૭ સીટો હતું. એટલે કે ભાજપના અનુમાનિત આંકડામાં ૨૬ સીટોનો ઘટાડો થયો છે, જોકે ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીની ૨૪૦ સીટોની સરખામણીએ આ દેખાવ હજુ પણ સારો છે. બીજી તરફ કોંગ્રેસ માટે આ સરવે આશાસ્પદ રહ્યો છે. કોંગ્રેસને ૧૦૬ સીટો મળવાનું અનુમાન છે, જે જાન્યુઆરીના ૮૦ સીટોના અનુમાન કરતાં ૨૬ સીટો વધુ છે. ભાજપની સીટોના ઘટાડા પાછળ થીહ ઢ અને યુવા મતદારોમાં વધતી નારાજગીને મહત્ત્વનું કારણ માનવામાં આવી રહ્યું છે. પરીક્ષાના પેપર લીક અને શિક્ષણ વ્યવસ્થાની ખામીઓને કારણે યુવાનોમાં રોષ જોવા મળ્યો હતો. જુલાઈ માસમાં દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટીના બેનર હેઠળ થયેલા વિદ્યાર્થીઓના ભારે વિરોધ પ્રદર્શન બાદ ધર્મેન્દ્ર પ્રધાને શિક્ષણ પ્રધાન પદેથી રાજીનામું આપવું પડ્યું હતું. આંદોલન અને વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીના મુદ્દાને વિપક્ષે જોરશોરથી ઉઠાવ્યો હતો. કોંગ્રેસના નેતૃત્વ હેઠળના 'ઈન્ડિયા' ગઠબંધનને આ સરવેમાં ૧૮૫ સીટો મળવાનું અનુમાન દર્શાવાયું છે, જેમાં જાન્યુઆરી ૨૦૨૬ ની સરખામણીએ ૩ સીટોનો નજીવો વધારો થયો છે. વોટ શેરની વાત કરીએ તો એનડીએનો અનુમાનિત વોટ શેર જાન્યુઆરીના ૪૭% થી ઘટીને ૪૫.૧% થયો છે.

---

### ન તો યોગ્ય ડ્રેસિંગ રૂમ, ન નજીક શૌચાલય

## નારાજ BCCI નહીં મોકલે હવે તેના સ્ટાર ક્રિકેટર્સ

નવી દિલ્હી,

જાપાનમાં રમાનારી એશિયન ગેમ્સ ૨૦૨૬મા ક્રિકેટનો રોમાંચ જોવા મળશે. ચીનમાં ૩ વર્ષ પહેલા યોજાયેલી ગેમ્સમાં પણ ટી૨૦ ફોર્મેટમાં ક્રિકેટને સામેલ કરવામાં આવ્યું હતું,જ્યાં ભારતે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ફરી ભારતીય ટીમ ગોલ્ડ મેડલ જીતવાના ઈરાદાથી ઉતરસે અને તે માટે બીસીસીઆઈએ મજબૂત ટીમ પસંદ કરી છે. પરંતુ એક નવા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો કે જાપાનમાં જે સ્થળે ક્રિકેટ મેચ રમાવાની છે, ત્યાં ડ્રેસિંગ રૂમથી લઈને વોશરૂમ જેવી વ્યવસ્થાથી મ્ઝ્ઝૈં સંતુષ્ટ નથી અને તેથી તે પોતાની બી ટીમ મોકલી શકે છે. જાપાનના એચી-નાયોગામાં આ વખતે એશિયન ગેમ્સનું આયોજન થઈ રહ્યું છે, જેમાં ક્રિકેટ પણ સામેલ છે. ગેમ્સની શરૂઆત તો ૧૯ સપ્ટેમ્બરથી થશે પરંતુ તેમાં મહિલા ક્રિકેટના મુકાબલા ૧૭ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર સુધી રમાશે. તો પુરૂષ ક્રિકેટનું આયોજન ૨૪ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર સુધી થશે. બંને ઈવેન્ટમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશ જેવી એશિયાની મજબૂત ટીમ ભાગ લઈ રહી છે. આ બંને ઈવેન્ટ માટે બીસીસીઆઈએ એક મજબૂત ટીમ પસંદ કરી છે, જેમાં મુખ્ય ખેલાડીઓ સામેલ છે. પરંતુ હવે તેમ લાગી રહ્યું છે કે ભારતીય ક્રિકેટ બોર્ડ ટીમમાં ફેરફાર કરી શકે છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ક્રિકેટ માટે જે સ્થળ પસંદ કરવામાં આવ્યું છે, ત્યાં ઉપલબ્ધ સુવિધાઓ અને વ્યવસ્થાઓથી BCCI અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ સંતુષ્ટ નથી. રિપોર્ટમાં BCCI સૂત્રના હવાલાથી દાવો કરવામાં આવ્યો છે કે જે મેદાનમાં મેચ યોજાશે, ત્યાં ખેલાડીઓને તૈયાર થવા માટે ટેન્ટ લગાવવામાં આવી રહ્યાં છે, જેનો ડ્રેસિંગ રૂમની જેમ ઉપયોગ કરવામાં આવશે. એટલું જ નહીં ખેલાડીઓ માટે જે વોશરૂમ છે, તે આ ટેન્ટથી આશરે ૫૦૦ મીટર દૂર છે. આ સિવાય જે હોટલમાં ખેલાડીઓ રહેવાના છે, તે પણ ખુબ નાની છે.

---

### રક્ષાબંધને સ્વીકારી મીઠાઈ

## તુ-તુ-મૈં-મૈં બાદ કંગના રણૌતે બાબા રામદેવને ગણાવ્યા મોટા ભાઈ

### કંગનાએ લખ્યું કે, "તહેવારનો દિવસ બધી ભૂલચૂક માફ કરવા માટે જ હોય છે : આજે હું તેમની મીઠાઈ સ્વીકારું છું

નવી દિલ્હી,

યોગગુરુ બાબા રામદેવ અને ભાજપના સાંસદ તથા અભિનેત્રી કંગના રણૌત વચ્ચે વીતેલા દિવસોમાં અત્યંત તીખી અને અંગત નિવેદનબાજી જોવા મળી હતી. જોકે, રક્ષાબંધનના પવિત્ર તહેવાર પર કંગના રણૌતે પોતાના સોશિયલ મીડિયા સ્ટેટસ દ્વારા જૂના વિવાદો પર પૂર્ણવિરામ મૂકવાનો પ્રયાસ કર્યો છે. કંગનાએ બાબા રામદેવને પોતાના 'મોટા ભાઈ' ગણાવ્યા છે અને કહ્યું છે કે આ તહેવાર જૂના ગિલા-શિકવા ભૂલી જવા માટે હોય છે. કંગનાએ પોતાના સોશિયલ મીડિયા સ્ટેટસમાં લખ્યું હતું કે, "તહેવારનો દિવસ બધી ભૂલચૂક માફ કરવા માટે જ હોય છે. મારા ભાઈ બાબા રામદેવજીએ ખૂબ સારું કહ્યું કે વિવાદ નહીં, સંવાદ થવો જોઈએ. આજે રક્ષાબંધનના દિવસે હું તેમની મીઠાઈ અને મોટા ભાઈનો પ્રેમ બંને સ્વીકારું છું. ખૂબ ખૂબ આભાર, ઈશ્વર આપને દીર્ઘાયુ આપે." હાલમાં જ જ્યારે બાબા રામદેવે શિક્ષણ વ્યવસ્થા અને ભરતી પ્રક્રિયા અંગે સવાલો ઉઠાવ્યા ત્યારે એક ન્યૂઝ ચેનલના ઈન્ટરવ્યુમાં તેમને કંગના રણૌત અંગે પૂછવામાં આવ્યું હતું. જેના જવાબમાં રામદેવે કંગનાના ચરિત્ર અને તેની જવાની પર સવાલો ઉઠાવતા કહ્યું હતું કે, "તેમની જવાની કેવી રહી છે, તેમણે પોતાના વિશે વિચારવું જોઈએ." રામદેવે કંગનાની યોગ્યતા (ક્વોલિફિકેશન) પર પણ સવાલો ઉઠાવ્યા હતા. બાબા રામદેવના નિવેદન પર કંગનાએ તીખો પલટવાર કરતા કહ્યું હતું કે, રામદેવે મારી જવાની અને બેડરૂમ વિશે સપના ન જોવા જોઈએ. એક ઈન્ટરવ્યુમાં કંગનાએ કટાક્ષ કરતા પૂછ્યું હતું કે, "શું બાબા રામદેવ મારા બેડરૂમમાં ચામાચીડિયું બનીને લટક્યા હતા? તેમણે જે પણ જોયું હોય તે દેશને જણાવવું જોઈએ."

રાજકીય પંડિતોના મતે, એક જ વિચારધારાના બે પ્રભાવશાળી લોકો વચ્ચેનો આ વિવાદ ભાજપ અને બંનેની છબી માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યો હતો. કંગનાએ ખૂબ વિચાર-વિમર્શ કે પક્ષના દબાણ બાદ આ વિવાદનો અંત લાવવાનો નિર્ણય કર્યો હોઈ શકે છે. રામદેવને 'મોટો ભાઈ' બનાવીને કંગનાએ એક એવો માસ્ટરસ્ટ્રોક માર્યો છે, જેના પછી બાબા રામદેવ માટે પણ આ મર્યાદા જાળવવી જરૂરી બની ગઈ છે અને વિવાદ આપોઆપ શાંત થઈ ગયો છે.

# તંત્રી લેખ

## ભારતમાં એક્ટિવ કર્યા હતા સ્લીપર સેલ, પૂર્વ એર માર્શલનો ઘટસ્ફોટ

પાકિસ્તાન સામે મે ૨૦૨૫માં હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર'ને લઈને પશ્ચિમી વાયુ કમાનના તત્કાલીન પ્રમુખ એર માર્શલ (નિવૃત્ત) જિતેન્દ્ર મિશ્રાએ મોટા અને ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તેમણે જણાવ્યું કે, આ સૈન્ય સંઘર્ષ દરમિયાન ભારતની રશિયા નિર્મિત જી-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ સૌથી મોટી ગેમ-ચેન્જર સાબિત થઈ હતી. આ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનું ચોક્કસ લોકેશન શોધવા માટે પાકિસ્તાન એટલું હતપ્રભ બની ગયું હતું કે તેણે ભારતમાં પોતાના જાસૂસો અને સ્લીપર સેલને સક્રિય કરી દીધા હતા. એર માર્શલ મિશ્રાએ જણાવ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતના જી-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમના ડરથી પાકિસ્તાની વાયુસેનાના ફાઈટર જેટ ભારતીય સરહદથી ૨૦૦ કિલોમીટરના વિસ્તારમાં પણ આવવાની હિંમત કરી શક્યા નહોતા. જી-૪૦૦ની ચોક્કસ સ્થિતિ જાણવા માટે પાકિસ્તાને તમામ પ્રયાસો કર્યા હતા. તેમને ચીન જેવા અન્ય દેશો તરફથી રિયલ-ટાઈમ સેટેલાઈટ ડેટા મળી રહ્યો હતો અને સાથે જ તેમણે ભારતમાં પોતાના જાસૂસોને પણ કામે લગાડ્યા હતા.ભારતીય દળોએ પાકિસ્તાનના ગ્રાઉન્ડ રડાર નષ્ટ કરી દીધા બાદ પાકિસ્તાને સરગોધાથી પોતાનું એરબોર્ન સર્વેલન્સ (હવાઈ નિરીક્ષણ) વિમાન હવામાં ઉડાડ્યું હતું. તે સમયે ભારતીય જી-૪૦૦ ઓપરેટરે ૩૧૪ કિલોમીટરની ઐતિહાસિક અંતરેથી સચોટ નિશાન સાધીને તેને હવામાં જ તોડી પાડ્યું હતું. સૈન્ય ઈતિહાસમાં જમીન પરથી હવામાં માર કરતી મિસાઈલ (સરફેસ-ટુ-એર) દ્વારા સૌથી વધુ અંતરે કરવામાં આવેલો આ સવર્શ્રેષ્ઠ શિકાર છે. પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૫ પ્રવાસીઓના મોત બાદ ભારતે ૭ મેના રોજ 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. આ ઓપરેશન હેઠળ જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના ૯ આતંકવાદી કેમ્પોને ધ્વસ્ત કરવામાં આવ્યા હતા. સરકાર તરફથી સૈન્ય નેતૃત્વને યોજના બનાવવાની સંપૂર્ણ છૂટ અપાઈ હતી અને માત્ર આતંકવાદીઓ અને તેમના આકાઓને જ નિશાન બનાવવાની સ્પષ્ટ સૂચના હતી, જેથી સામાન્ય નાગરિકોને કોઈ નુકસાન ન થાય. ૯ મેના રોજ પાકિસ્તાને સેંકડો ડ્રોન અને મિસાઈલો છોડી હતી, જેમાંથી એક હુમલામાં એરફોર્સ સ્ટેશનની હોસ્પિટલને નુકસાન થયું હતું. તેના જવાબમાં ભારતે ૧૦ મેના રોજ પાકિસ્તાનના ૧૧ સૈન્ય મથકોને નિશાન બનાવીને તેની વાયુસેનાની કમર તોડી નાખી હતી.

### રાહુલ ગાંધીનું વધ્યું ટેન્શન!

## ૨ વર્ષના રાજકારણ બાદ દિગ્ગજ નેતાની PM પદની રેસમાં એન્ટ્રી

### તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે ૪ મહિનામાં જ રાષ્ટ્રીય રાજકારણમાં દબદબો બનાવ્યો છે

નવી દિલ્હી,

તમિલનાડુમાં TVK પ્રમુખ સી. જોસેફ વિજયના મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ સમારોહના માત્ર ૪ મહિના બાદ જ હવે રાષ્ટ્રીય રાજકારણમાં તેમનું કદ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. અભિનેતામાંથી રાજનેતા બનેલા વિજયને રાજકારણમાં બહુ ઓછો સમય થયો હોવા છતાં, તાજેતરના ઈન્ડિયા ટુડે-CVoter ના 'Mood of the Nation' સર્વેમાં તેમને દેશના સંભવિત વડાપ્રધાનના ચહેરા તરીકે ૯.૨ ટકા લોકોનું સમર્થન મળ્યું છે. આ સર્વે પરિણામો બાદ તેમના સમર્થકોએ તેમને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રજૂ કરવાની માંગ શરૂ કરતાં સાથી પક્ષ કોંગ્રેસ માટે નવી રાજકીય ચિંતા ઊભી થઈ છે.

ઓગસ્ટ ૨૦૨૬માં થયેલા 'મૂડ ઓફ ધ નેશન' (MOTN) સર્વે અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Modi) ૪૮.૭ ટકા સમર્થન સાથે સૌથી મનપસંદ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મોખરે રહ્યા છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી (Rahul Gandhi) ૨૭.૧ ટકા સમર્થન સાથે બીજા સ્થાને રહ્યા છે. તમિલનાડુના મુખ્યમંત્રી અને TVKના સંસ્થાપક સી. જોસેફ વિજય (C. Joseph Vijay) ૯.૨ ટકા સમર્થન મેળવીને ત્રીજા સ્થાને પહોંચ્યા છે. વર્ષ ૨૦૨૪માં જ તમિલગા વેત્રી કઝગમ (TVK) પક્ષની સ્થાપના કરનાર મુખ્યમંત્રી માટે આટલા ટૂંકા ગાળામાં દેશના પસંદગીના નેતાઓની યાદીમાં ત્રીજું સ્થાન મેળવવું રાજકીય દ્રષ્ટિએ ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

વિરોધ પક્ષોના ગઠબંધનનું નેતૃત્વ કોણે કરવું જોઈએ તે સવાલ પર પણ સર્વેમાં રસપ્રદ પરિણામો આવ્યા છે. આ યાદીમાં કોંગ્રેસ અગ્રણી ૨૯ ટકા સમર્થન સાથે પ્રથમ સ્થાને રહ્યા, જ્યારે તમિલનાડુના મુખ્યમંત્રી ૧૨.૨ ટકા સમર્થન સાથે બીજા ક્રમે આવ્યા છે. આ મામલે તેમણે મમતા બેનર્જી, અરવિંદ કેજરીવાલ અને અખિલેશ યાદવ જેવા અનુભવી રાષ્ટ્રીય નેતાઓને પાછળ છોડી દીધા છે. આ બાબત દર્શાવે છે કે તેમણે ટૂંકા સમયમાં જ રાષ્ટ્રીય રાજકારણમાં પોતાની મજબૂત ઓળખ ઊભી કરી લીધી છે.

સર્વેના પરિણામો જાહેર થયા બાદ થૂથુકુડી ખાતે TVK કાર્યકરો દ્વારા પોસ્ટરો લગાવીને વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી માટે પોતાના પક્ષપ્રમુખને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. આ પોસ્ટરો દ્વારા દક્ષિણ ભારતમાંથી વડાપ્રધાન બનાવવાની વાત પણ દોહરાવવામાં આવી છે. પક્ષના નેતાઓનો દાવો છે કે તમિલનાડુ સરકારની જનકલ્યાણકારી યોજનાઓને કારણે તેમની લોકપ્રિયતા ઉત્તર ભારતના રાજ્યોમાં પણ વધી છે. બીજી તરફ, કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે વર્ષ ૨૦૨૯ની ચૂંટણીમાં તેમના વરિષ્ઠ નેતા જ વડાપ્રધાન પદના ઉમેદવાર રહેશે અને રાજ્યના કોંગ્રેસ નેતાઓએ TVK હજુ પણ ફેન ક્લબની જેમ કામ કરી રહી હોવાનું જણાવ્યું છે.

વર્ષ ૨૦૦૯માં તમિલનાડુના વર્તમાન મુખ્યમંત્રીએ કોંગ્રેસ પક્ષમાં જોડાવાનો પ્રયાસ કર્યો હતો. જોકે હવે રાજકીય સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા છે અને જે પક્ષ સાથે તેઓ અગાઉ જોડાવા માંગતા હતા, તે પક્ષ આજે ગઠબંધનમાં નાના સાથી તરીકે સીમિત થઈ ગયો છે, જ્યારે તેમના સમર્થકો હવે તેમને સીધા દેશના વડાપ્રધાન પદ સુધી પહોંચાડવાની માંગ કરી રહ્યા છે.

### EPFO ના નવા નિયમો જાણો

## નોકરી છૂટ્યા બાદ કર્મચારીઓ PF બેલેન્સમાંથી ૭૫% ઉપાડી શકશે

### નોકરી કરતા વ્યક્તિઓ માટે PF એ ફક્ત નિવૃત્તિ બચતનું સાધન નહીં પરંતુ અણધારી નાણાકીય જરૂરિયાતોના કિસ્સામાં પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે

નવી દિલ્હી,

EPFO ના નવા માળખામાં આંશિક ઉપાડ માટેની અગાઉની ૧૩ જોગવાઈઓને ત્રણ વ્યાપક શ્રેણીઓમાં એકીકૃત કરવામાં આવી છે. પ્રથમ શ્રેણીમાં માંદગી, બાળકોનું શિક્ષણ અને લગ્ન જેવા ખર્ચનો સમાવેશ થાય છે. બીજી શ્રેણીમાં ઘર ખરીદવા, ઘર રિપેરિંગ અને હાઉસિંગ લોન ચૂકવવા સંબંધિત ખર્ચનો સમાવેશ થાય છે. ત્રીજી શ્રેણીમાં ખાસ પરિસ્થિતિઓમાં ઉપાડનો સમાવેશ થાય છે જ્યાં સભ્યને ઉપાડ માટે ચોક્કસ કારણ આપવાની જરૂર રહેશે નહીં.

પહેલાં આંશિક PF ઉપાડ માટે સેવા સમયગાળો વિવિધ પરિસ્થિતિઓના આધારે બદલાતો હતો. કેટલાક કિસ્સાઓમાં આ સમયગાળો ૩ થી ૭ વર્ષ સુધીનો હતો. બધી શ્રેણીઓ માટે લઘુત્તમ સેવા અવધિ હવે ૧૨ મહિનાની કરવામાં આવી છે. આનો અર્થ એ છે કે પાત્ર સેવાનો એક વર્ષ પૂર્ણ કર્યા પછી સભ્ય આંશિક પીએફ ઉપાડ નિયમો હેઠળ અરજી કરી શકે છે. નવા માળખામાં ઉપાડ માટે યોગ્ય રકમની ગણતરી ફક્ત કર્મચારીના યોગદાન સુધી મર્યાદિત રહેશે નહીં. નોકરીદાતાના યોગદાન અને તેના પર મેળવેલ વ્યાજ પણ પાત્ર રકમમાં શામેલ કરવામાં આવશે. EPFO અનુસાર, આનો અર્થ એ છે કે ઉપાડ મર્યાદા ૭૫% સુધી પહેલા કરતા વધારે હોઈ શકે છે.

નવા નિયમો સભ્યોને તેમની પાત્ર રકમના ૭૫% સુધી ઉપાડવાની મંજૂરી આપે છે. મહત્વપૂર્ણ છે કે, ખાસ પરિસ્થિતિઓમાં દસ્તાવેજો સબમિટ કરવાની અથવા આ માટે કોઈ ચોક્કસ કારણ આપવાની જરૂર રહેશે નહીં. જો કે, આનો અર્થ એ નથી કે દરેક સભ્ય કોઈપણ સમયે તેમના પીએફ ખાતામાંથી ૭૫% ઉપાડી શકે છે. ઉપાડ પાત્રતા અને લાગુ શ્રેણીના નિયમો પર આધારિત હશે.

EPFO એ PF ઉપાડને સરળ બનાવતી વખતે નિવૃત્તિ બચતને સુરક્ષિત રાખવાના મહત્વ પર પણ ભાર મૂક્યો છે. આ સભ્યના યોગદાનના ઓછામાં ઓછા ૨૫% ની લઘુત્તમ બેલેન્સ ફરજિયાત કરે છે. આનો ઉદ્દેશ્ય જરૂર પડ્યે ઉપાડને સરળ બનાવવાનો છે જ્યારે ખાતરી કરવી કે વારંવાર ઉપાડ કરવાથી નિવૃત્તિ માટેનો સંપૂર્ણ PF ભંડોળ ખાલી ન થાય.

### દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાન

## શ્રીલંકા સામે સિરીઝ જીતવા છતાં ભારત માટે WTC ફાઈનલની રાહ મુશ્કેલ

નવી દિલ્હી,

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ એક એવા તબક્કામાં પહોંચી ગઈ છે, જ્યાં દરેક ટેસ્ટ જીત ફાઈનલ સુધીની રેસને ફરીથી નવો આકાર આપી શકે છે. વર્તમાન ચક્રમાં ઓસ્ટ્રેલિયા ૧૦ મેચમાંથી ૮ જીત અને ૮૦% પોઈન્ટ ટકાવારી સાથે સૌથી આગળ છે. તેમના પછી દક્ષિણ આફ્રિકા (૭૫%) અને ન્યુઝીલેન્ડ (૭૨.૨૨%) મજબૂત સ્થિતિમાં છે.

ભારતની વાત કરીએ તો, ટીમ ૧૧ ટેસ્ટમાં ૫ જીત અને ૫૧.૫૨% પોઈન્ટ ટકાવારી સાથે પાંચમા સ્થાને છે. ગાલેમાં શ્રીલંકાને ૧૬૫ રનથી હરાવ્યા પછી, ભારતે કોલંબો ટેસ્ટ ડ્રો કરી અને બે મેચની શ્રેણી ૧-૦થી જીતી લીધી. જોકે, ફાઈનલની રેસમાં ટકી રહેવા માટે હવે સાવધાની રાખવી પડશે. WTC ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ આ ચક્રમાં શાનદાર શરૂઆત કરી છે. વેસ્ટ ઈન્ડિઝ સામે શ્રેણીમાં ક્લીન સ્વીપ કર્યા પછી, તેઓએ ઘરઆંગણે એશિઝ પણ જાળવી રાખી.બાંગ્લાદેશ સામે હારથી તેમની લીડ ઓછી થઈ ગઈ, પરંતુ મેકેમાં વિજયથી ઓસ્ટ્રેલિયાને તેમની સ્થિતિ મજબૂત કરવામાં મદદ મળી. ૧૦ મેચમાં માત્ર બે હાર સાથે, ટીમ સતત ત્રીજી વખત ઉક્ર ફાઈનલમાં પહોંચવા માટે એક મજબૂત દાવેદાર છે. દક્ષિણ આફ્રિકા અને ભારતના પડકારજનક પ્રવાસો આગળ છે, જ્યારે ન્યુઝીલેન્ડ ૨૦૨૬ના અંતમાં ચાર ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરવા માટે તૈયાર છે.ડિફેન્ડિંગ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકાએ ભારતને ઘરઆંગણે ૨-૦થી હરાવીને પોતાનો દાવો મજબૂત બનાવ્યો. ભારતમાં ટેસ્ટ શ્રેણી વિજય ૨૫ વર્ષ પછી મેળવ્યો તેમના અભિયાનના સૌથી મોટા હાઈલાઈટ્સમાંનો એક હતો. પાકિસ્તાન સામે શ્રેણી ડ્રો કરવા છતાં ટીમે ચાર ટેસ્ટમાંથી ત્રણ જીત મેળવી છે. હવે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ જેવી મજબૂત ટીમો દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કરવાની છે.શરૂઆતમાં WTC ચેમ્પિયન ન્યુઝીલેન્ડે આ ચક્રમાં મોડી શરૂઆત કરી હતી પરંતુ શાનદાર શરૂઆત રહી. વેસ્ટ ઈન્ડિઝ સામે શ્રેણી જીત્યા પછી તેઓએ તેમના ઘરઆંગણે ઈંગ્લેન્ડને ૨-૧થી હરાવ્યું. પ્રથમ ટેસ્ટ હાર્યા પછી સતત બે જીત મેળવવી એ ન્યુઝીલેન્ડની સ્થિતિસ્થાપકતા દર્શાવે છે. છ ટેસ્ટમાંથી તેમની ચાર જીત છે. ભારત અને શ્રીલંકા સામેની ઘરઆંગણે શ્રેણી ઉપરાંત, તેઓ ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાનના મુશ્કેલ પ્રવાસ માટે પણ છે.શ્રીલંકામાં શરૂઆતની શ્રેણી હારવા છતાં બાંગ્લાદેશે શાનદાર વાપસી કરી છે. ઓસ્ટ્રેલિયાને તેના ઘરઆંગણે હરાવીને ટીમે ઉક્ર ફાઈનલની રેસમાં મજબૂત દાવો કર્યો છે. પાકિસ્તાન સામેની ઘરઆંગણેની શ્રેણીમાં વિજય પણ તેમના અભિયાન માટે મહત્વપૂર્ણ હતો. હવે બધાની નજર વેસ્ટ ઈન્ડીઝ અને ઈંગ્લેન્ડ સામેની આગામી ઘરઆંગણેની શ્રેણી તેમજ દક્ષિણ આફ્રિકાના પ્રવાસમાં બાંગ્લાદેશના પ્રદર્શન પર રહેશે.ઈંગ્લેન્ડ સામેની રોમાંચક શ્રેણી ડ્રો અને દક્ષિણ આફ્રિકા સામેની ઘરઆંગણે ૦-૨થી હારથી ભારત ઉક્ર ટેબલમાં નીચે ધકેલાઈ ગયું.

### નેપાળમાં ત્રાસદી વચ્ચે માનવતા શર્મસાર

## મહિલાના મૃતદેહ પરથી સોનાના ઘરેણાં ચોરતો VIDEO વાઈરલ

### કેટલાક અસામાજિક તત્વોએ પૂરમાં તણાઈ આવેલા એક મૃતક મહિલાના શવમાંથી સોનાની બુટ્ટીઓ ચોરી લીધી

કાઠમંડુ,

નેપાળમાં કુદરતના કોપ અને વિનાશક પૂરની તબાહી વચ્ચે શરમજનક અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ભીષણ પૂરમાં તણાઈ આવેલી એક મૃતક મહિલાના શવમાંથી કેટલાક લોકો સોનાની બુટ્ટીઓ ચોરતા હોય તેવો વીડિયો વાઈરલ થયો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ ભારે આક્રોશ જોવા મળ્યો હતો, જે બાદ નેપાળ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપીઓની ધરપકડ કરી લીધી છે. મળતી વિગતો અનુસાર, સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલો આ વીડિયો ૪૧ સેકન્ડનો છે. જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે બે શખસો પૂરમાં તણાઈને આવેલા એક મહિલાના મૃતદેહને લાકડાના પાટિયા અને વાળ પકડીને બહાર ખેંચી રહ્યા છે.

ત્યારબાદ તેઓ મૃતદેહના બંને કાનમાંથી સોનાની બુટ્ટીઓ કાઢીને એક તરફ મૂકી દે છે. આઘાતજનક બાબત એ છે કે આસપાસ ઊભેલા લોકો આ કૃત્ય અટકાવવાને બદલે મૂકપ્રેક્ષક બનીને જોઈ રહ્યા હતા અને કેટલાક લોકો પોતાના મોબાઈલમાં આ શરમજનક ઘટનાનો વીડિયો ઉતારી રહ્યા હતા. વીડિયો ઈન્ટરનેટ પર ઝડપથી વાઈરલ થતાં લોકોએ ભારે ફિટકાર વર્સાવ્યો હતો અને આરોપીઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. મામલાની ગંભીરતાને ધ્યાને રાખી નેપાળ પોલીસે 'X' પર પોસ્ટ કરીને જાણકારી આપી હતી કે મૃતકના કાનમાંથી બુટ્ટીઓ ચોરનારા આરોપીઓને ઝડપી પાડી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, નેપાળ અને તિબેટ સરહદી વિસ્તારમાં આવેલી ભયાનક પૂરની હોનારતમાં અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે આશરે ૧,૪૦૦થી વધુ લોકો હજુ પણ લાપતા છે. આ કુદરતી આફત વચ્ચે આવી હીન માનસિકતા ધરાવતી ઘટનાએ માનવતાને ઝંઝોડી મૂકી છે.

### રાજકોટમાં ડિજિટલ અરેસ્ટનો ખતરનાક ખેલ

## મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે વૃદ્ધાને ડિજિટલ અરેસ્ટ કરી લાખો પડાવાયા

રાજકોટ,

રાજકોટ શહેરમાં સાયબર ક્રાઈમનો એક અત્યંત ચોંકાવનારો અને ગંભીર કિસ્સો સામે આવ્યો છે, જેમાં સાયબર ઠગોએ એક વયોવૃદ્ધ મહિલાને પોતાનો શિકાર બનાવીને લાખો રૂપિયાનો ચૂનો ચોપડ્યો છે. સાયબર ભોપાળાઓએ મુંબઈ ક્રાઈમ બ્રાંચના ઉચ્ચ અધિકારીઓ હોવાનો સ્વાંગ રચીને આ વૃદ્ધાને પોતાના જ ઘરમાં સળંગ એક સપ્તાહ (૭ દિવસ) સુધી ડિજિટલ અરેસ્ટ રાખી મૂક્યા હતા. કાયદાકીય કાર્યવાહી અને જેલની ધમકી આપીને ઠગોએ માનસિક રીતે ભાંગી પડેલા વૃદ્ધા પાસેથી અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ ૫૫.૫૦ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. લાખો રૂપિયા પડાવી લીધા બાદ પણ સાયબર ઠગોની ભૂખ સંતોષાઈ નહોતી અને તેમણે વૃદ્ધા પાસે વધુ ૪૩ લાખની માંગણી કરી હતી. આટલી મોટી રકમની વ્યવસ્થા કરવા માટે વૃદ્ધાએ મુંબઈ સ્થિત પોતાની પુત્રીનો સંપર્ક કરતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પુત્રીને તરત જ ખ્યાલ આવી ગયો હતો કે તેના માતા સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. તેણે સમય સૂચકતા વાપરીને તુરંત જ રાજકોટ પોલીસનો સંપર્ક કર્યો હતો. ઘટનાની ગંભીરતા સમજીને રાજકોટ સાયબર ક્રાઈમ અને સ્થાનિક પોલીસે તાત્કાલિક વૃદ્ધ મહિલાના ઘરે પહોંચીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે યોગ્ય સમયે હસ્તક્ષેપ કરીને વૃદ્ધાના બીજા રૂ.૪૩ લાખ ઠગોના ખાતામાં જતા અટકાવ્યા હતા. હાલમાં પોલીસે પીડિત મહિલાની ફરિયાદના આધારે ગુનો નોંધી, જે બેંક ખાતાઓમાં રકમ ટ્રાન્સફર થઈ છે તેના ડેટા અને મોબાઈલ નંબરના આધારે ડિજિટલ ગઠિયાઓને ઝડપી પાડવા માટે ચક્રગતિમાન કર્યા છે.

### સુરતના પૂણાગામ વિસ્તારની ઘટના

## ત્રણ સગીરા સહિત ચાર સંબંધી બહેનો ભેદી સંજોગોમાં લાપતા

### પરિવારજનોએ પોતાના સ્તરે શોધખોળ કર્યા બાદ પણ કોઈ ભાળ ન મળતાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

સુરત,

સુરતના પૂણાગામ વિસ્તારમાં ત્રણ સગીરા સહિત ચાર સંબંધી બહેનો ભેદી સંજોગોમાં લાપતા થઈ જતા પરિવારજનોમાં ચિંતાનો માહોલ ફેલાયો છે. પરિવારજનોએ પોતાના સ્તરે શોધખોળ કર્યા બાદ પણ કોઈ ભાળ ન મળતાં આખરે પૂણા પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે ચારેય બહેનોની શોધખોળ શરૂ કરી છે અને શહેરના અલગ-અલગ વિસ્તારોના CCTV ફૂટેજ ચકાસવામાં આવી રહ્યા છે. મળતી માહિતી પ્રમાણે, ચારેય બહેો કોઈ કામસર કારખાને ગઈ હતી. આ દરમિયાન પરિવાર તરફથી તેમના ભાઈની તબિયત ખરાબ હોવાની અને તે હોસ્પિટલમાં દાખલ હોવાની વાત કહેવામાં આવી હતી. ત્યારબાદ ચારેય બહેનોએ કારખાનેથી આશરે રૂ.૧,૦૦૦ રૂપિયા ઉપાડ્યા હોવાનું સામે આવ્યું છે. જોકે, ત્યારબાદ તેઓ ઘરે પરત ફરી નહોતી. માતા ઘરે પરત આવી ત્યારે ચારેય દીકરીઓ ઘરે ન હોવાથી પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. સંબંધીઓ અને પરિચિતો સહિત શક્ય તમામ સ્થળોએ તપાસ કર્યા બાદ પણ કોઈ પત્તો ન લાગતા પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ચારેયમાંથી ત્રણ સગીરા હોવાથી પરિવારજનોએ કોઈ અનિચ્છનીય બનાવ બન્યો હોવાની આશંકા વ્યક્ત કરી હતી. જેના પગલે પૂણા પોલીસ મથકે અપહરણની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદ બાદ પોલીસે શહેરના વિવિધ વિસ્તારોમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાના ફૂટેજ તપાસવાનું શરૂ કર્યું હતું. તપાસ દરમિયાન પોલીસને મહત્વની કડી મળી હતી. કાપોદ્રા ચોપાટી પાસે ચારેય બહેનો સાથે ફરતી CCTV કેમેરામાં નજરે પડી હતી. CCTVમાં ચારેય બહેનો એકસાથે પોતાની રીતે ફરતી હોવાનું પ્રાથમિક રીતે દેખાતા પોલીસની તપાસને નવી દિશા મળી છે. જોકે, કાપોદ્રા ચોપાટીથી તેઓ ત્યારબાદ ક્યાં ગયા અને તેમની સાથે અન્ય કોઈ વ્યક્તિ હતી કે કેમ તે હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસ હવે ચોપાટીથી આગળના વિસ્તારોના CCTV ફૂટેજ પણ તપાસી રહી છે. સાથે જ ચારેય બહેનોના મોબાઈલ ફોન, તેમના સંપર્કમાં રહેલા લોકો અને સંભવિત રૂટ અંગે પણ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. હાલ સમગ્ર મામલે અપહરણ થયું છે કે ચારેય બહેનો પોતાની મરજીથી ઘરેથી નીકળી છે, તે અંગે પોલીસ કોઈ ચોક્કસ તારણ પર પહોંચી નથી. ૧,૦૦૦ રૂપિયા લઈને તેઓ ક્યાં ગયા , કયા વાહનથી આગળ વધ્યા અને ત્યારબાદ કોના સંપર્કમાં આવ્યા તે અંગે તપાસ ચાલી રહી છે. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને CCTVના આધારે ચારેય બહેનોની સલામત ભાળ મેળવવા તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

### વડોદરામાં આ વર્ષે એક હૃદયદ્રાવક દ્રશ્ય જોવા મળ્યું

## વડોદરા જેલમાં ચૈતર વસાવાને બહેનોએ બાંધી રાખડી

### જેલની અંદર ચૈતર વસાવાને રાખડી બાંધતી વખતે તેમની બહેનો ભાવુક બની ગઈ હતી, ભગવાનને પ્રાર્થના કરી

વડોદરા,

રક્ષાબંધનનો પવિત્ર પર્વ ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને રક્ષાના વચનનું પ્રતિક છે. સામાન્ય રીતે આ દિવસે દરેક બહેનનો ભાઈ તેની સાથે હોય છે, પરંતુ વડોદરામાં આ વર્ષે એક હૃદયદ્રાવક દ્રશ્ય જોવા મળ્યું. વડોદરા સેન્ટ્રલ જેલમાં બંધ આદિવાસી નેતા ચૈતર વસાવાને રાખડી બાંધવા માટે તેમની બહેનોને જેલના દરવાજા સુધી પહોંચવું પડ્યું. આ મુલાકાત ચૈતર વસાવાની બહેનો માટે લાગણી અને દર્દ બંને લઈને આવી હતી. જેલની અંદર ચૈતર વસાવાને રાખડી બાંધતી વખતે તેમની બહેનો ભાવુક બની ગઈ હતી. તેમણે ભાઈની વહેલી મુક્તિ અને સલામતી માટે ભગવાનને પ્રાર્થના કરી હતી. બહેનોએ જણાવ્યું કે આ સતત બીજું વર્ષ છે જ્યારે તેમને રક્ષાબંધનનો પર્વ જેલમાં જ ભાઈ સાથે ઉજવવો પડ્યો છે. તેમની આંખોમાં ભાઈ પ્રત્યેનો પ્રેમ અને તેની પરિસ્થિતિનો દુઃખ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો હતો. બહેનોએ ઉમેર્યું કે, "પ્રાર્થના કરીએ છીએ કે અમારા ભાઈ જેલમાં છે, તો જલ્દી બહાર આવી જાય. અમે બધી બહેનો જ છીએ." તેમણે ચૈતર વસાવાના કાર્યની નોંધ લેતા કહ્યું કે, "બહુ સેવા કરે છે એટલે એમને ઘડીએ ઘડીએ જેલમાં આવવું પડે છે. ગરીબો માટે અવાજ ઉઠાવે એટલે એ ઘડીએ ઘડીએ જેલમાં આવવું પડે છે." આદિવાસીઓ અને વંચિતોના હક માટે લડતા પોતાના ભાઈને જેલમાં રહેવું પડે તે તેમના માટે અત્યંત પીડાદાયક બાબત છે. આ નિવેદન ચૈતર વસાવાના સામાજિક કાર્ય અને તેના કારણે તેમને ભોગવવી પડી રહેલી મુશ્કેલીઓ પર પ્રકાશ પાડે છે. ચૈતર વસાવાને વનકર્મીઓ સાથે મારપીટ અને ધમકી આપવાના કેસમાં રાજપીપળા કોર્ટે સાત વર્ષની સખત જેલની સજા ફટકારી છે, સાથે જ રૂ.૯૬ હજારનો દંડ પણ લાદ્યો છે. આ કાયદાકીય લડાઈ હજુ ચાલી રહી છે, ત્યારે રક્ષાબંધનના પવિત્ર પર્વે બહેનોએ ભાઈની સલામતી અને જેલમાંથી વહેલી મુક્તિ માટે પ્રાર્થના કરી હતી. જેલના દરવાજા પાસે યોજાયેલી આ ઈફ્રાજરફ્ર મ્ફ્રહદ્ભરફ્રહ મુલાકાતે ભાઈ-બહેનના સંબંધની લાગણીસભર તસવીર સામે લાવી છે. આ ઘટના સમગ્ર ગુજરાતમાં ચર્ચાનો વિષય બની છે, ખાસ કરીને આદિવાસી સમાજમાં. ચૈતર વસાવાની કાયદાકીય લડાઈમાં આગળ શું થશે અને તેમને ક્યારે રાહત મળશે તેના પર સૌની નજર ટકેલી છે.

### ડ્રાઈવર ફરાર, ૧૩.૯૬ લાખનો મુદ્દામાલ જપ્ત

## છોટા ઉદેપુરમાં કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

છોટા ઉદેપુર,

દારૂબંધીના કાયદાના કડક અમલ અંતર્ગત છોટા ઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને મોટી સફળતા સાંપડી છે. ન્ઝ્રમ્ની ટીમે ડોન બોસ્કો બ્રિજ પાસે એક બિનવારસી ઈનોવા કારમાંથી ૩.૯૬ લાખ રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કાર સહિત કુલ ૧૩.૯૬ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કારચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, LCB સ્ટાફ છોટા ઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન LCBના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એફ. ડામોરને ચોક્કસ બાતમી મળી હતી કે, અંબાલા ગામ તરફથી છોટા ઉદેપુર તરફ આવી રહેલી એક કાર (નંબર: GJ-01-WJ-8172)માં ગેરકાયદે વિદેશી દારૂ વહન કરવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે સુરખેડા ગામે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી વાળી કાર આવતાં પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ કારચાલકે ગાડી ઊભી રાખવાને બદલે છોટાઉદેપુર તરફ ભગાવી મૂકી હતી. પોલીસે તાત્કાલિક તેનો પીછો કર્યો હતો. પોલીસ પીછો કરી રહી હોવાની જાણ થતાં ચાલકે ડોન બોસ્કો બ્રિજ પાસે ગાડી રોડની સાઈડમાં ઊભી રાખી દીધી હતી અને અંધારાનો લાભ લઈ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

પોલીસે ઈનોવા કારની તલાશી લેતાં તેની ડિક્કી અને વચ્ચેની સીટના ભાગે મૂકેલા કાગળના બોકસમાંથી બિયરના ટીન તથા વિદેશી દારૂની પ્લાસ્ટિક ક્વાર્ટર બોટલો મળી આવી હતી. પોલીસે ૩,૯૬,૮૩૨ રૂપિયાની કિંમતની કુલ ૧,૪૫૬ બોટલ/ટીન દારૂ-બિયર અને ૧૦,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતનીકાર મળીને કુલ ૧૩,૯૬,૮૩૨ ઈનોવાનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે છોટા ઉદેપુર પોલીસે અજાણ્યા કારચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને ફરાર આરોપીને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

RNI No. GUJGUJ/2015/62352 Published & Owned by HETALBEN JIGNESHBHAI GAJJAR and Printed By JIGNESH RASHIKBHAI GAJJAR at VANSH CORPORATION, A/8, Shayona Golden Estate, Shahibaug, Ahmedabad - 380 004 and Published from 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad - 380 013. Editor : HETALBEN JIGNESHBHAI GAJJAR

### રાહુલ ગાંધીએ બહેન સાથે તસવીર શેર કરી

# પીએમ મોદી-સીએમ યોગીએ બાળકો પાસે રાખડી બંધાવી

## રાજનાથ સિંહે મહિલાઓના સન્માન અને સુરક્ષાનો મેસેજ આપ્યો બિહારના સીએમએ બહેન સાથે રક્ષાબંધનની ઉજવણી કરી

નવી દિલ્હી

રક્ષાબંધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સીએમ યોગી આદિત્યનાથ અને રાહુલ ગાંધીની ખાસ તસવીરો સામે આવી છે. પીએમ મોદીએ બાળકો પાસે રાખડી બંધાવી હતી, જ્યારે યોગી આદિત્યનાથે લખનઉના સ્નેહબંધન કાર્યક્રમમાં બાળકો સાથે તહેવાર ઉજવ્યો હતો. રાહુલ ગાંધી પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે તસવીર શેર કરી દેશવાસીઓને શુભકામના આપી છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે મહિલાઓના સન્માન અને સુરક્ષાનો મેસેજ આપ્યો છે. બિહારના સીએમ સમ્રાટ ચૌધરીએ પણ પોતાની બહેન સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. તહેવારના દિવસે નેતાઓનો આ પારિવારિક અને ભાવુક અંદાજ સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહ્યો છે.

આખો દેશ આજે રક્ષાબંધનનો તહેવાર ઉજવી રહ્યો છે. ભાઈ-બહેન એકબીજાને રાખડી બાંધે છે. આ દરમ્યાન દેશનો રાજકીય ગલિયારામાં પણ ભાઈ-બહેનના સંબંધની તસવીર આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી લઈ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સુધીના નેતાઓએ બાળકો સાથે આ ખાસ તહેવાર મનાવ્યો છે. બાળકોએ આ બંને નેતાઓના કાંડા પર રાખડી બાંધી અને તેમની પ્રેમાળ તસવીર કેમેરામાં કેદ થઈ ગઈ. આ તસવીરોએ સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા જગાવી છે. બીજી તરફ કોંગ્રેસ નેતા રાહુલ



ગાંધીએ પોતાની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે એક તસવીર શેર કરી છે. બંને ભાઈ-બહેને તસવીર સાથે દેશવાસીઓને રક્ષાબંધનની શુભકામનાઓ આપી છે. એટલે કે તહેવારના દિવસે રાજકારણથી હટકે નેતાઓનો એક પારિવારિક અને ભાવુક અંદાજ જોવા મળ્યો છે. રક્ષાબંધન આમ તો ભાઈ અને બહેનનો પ્રેમ, વિશ્વાસ અને પોતાનાપણાનો તહેવાર છે. પણ જ્યારે દેશના મોટા રાજકીય ચહેરાઓ આ ખાસ અવસરને પોતાના અંદાજમાં મનાવે છે તો તેમની તસવીરો વધારે ચર્ચામાં આવે છે. પ્રધાનમંત્રી મોદીએ ૭ લોક કલ્યાણા માર્ગ પર બાળકો સાથે રક્ષાબંધન ઉજવ્યો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખનઉમાં આયોજિત સ્નેહબંધન કાર્યક્રમમાં બાળકો પાસે રાખડી બંધાવી હતી. રાહુલ ગાંધી પ્રિયંકા ગાંધી સાથે જૂની યાદો સાથે જોડાયેલી તસવીરો શેર કરી હતી. રક્ષામંત્રીએ દેશવાસીઓને શુભકામના આપી અને મહિલાના સન્માન, સુરક્ષા અને ગરિમાની જવાબદારીની વાત કહી હતી. બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ પણ પોતાની બહેનો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૭ લોક કલ્યાણ માર્ગ પર બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. આ દરમ્યાન બાળકોએ તેમને રાખડી બાંધી હતી. પીએમ મોદીએ આ મુલાકાતની અમુક યાદગાર પળો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. તસવીરોમાં બાળકો સાથે તેમનો સહજ અંદાજ દેખાઈ રહ્યો છે. પ્રધાનમંત્રીએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, ૭, લોક કલ્યાણ માર્ગ પર રક્ષાબંધન સમારંભની અમુક યાદગાર ક્ષણો, તેમણે આશા વ્યક્ત કરી કે, આ તહેવાર સ્નેહ અને સદ્ભાવના સંબંધોને વધારે મજબૂત કરશે અને તમામના જીવનમાં ખુશીઓ અને સમૃદ્ધિ લઈને આવશે. બાળકો સાથે પીએમ મોદીની તસવીરો સામે આવતા જ સોશિયલ મીડિયા પર લોકોની પ્રતિક્રિયા સામે આવી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ બાળકો સાથે રક્ષાબંધનનો તહેવાર ઉજવ્યો હતો. લખનઉમાં આયોજિત 'સ્નેહબંધન' કાર્યક્રમમાં બાળકોને મુખ્યમંત્રીને રાખડી બાંધી. આ દરમિયાન યોગી આદિત્યનાથે બાળકો સાથે મુલાકાત કરી અને તેમની સાથે સમય વિતાવ્યો. કાર્યક્રમની તસવીરોમાં તહેવારનો ઉત્સાહ સ્પષ્ટપણે જોવા મળ્યો. મુખ્યમંત્રીએ પણ સોશિયલ મીડિયા મારફતે આ ખાસ અવસરની ઝલક શેર કરી છે.

---

### જામનગરના ૧૧ લોકો સામે ફરિયાદ

# રોલ્સ રોયસમાં ફરતા બિલ્ડરે વ્યાજખોરોના ત્રાસથી ટૂંકાવ્યું હતું જીવન

## હવે દોઢ વર્ષ બાદ આ આપઘાત કેસમાં મોટો ખુલાસો

જામનગર,

રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોટું નામ ગણાતા જામનગરના બિલ્ડર મેરામણ પરમારે ગત વર્ષ ૨૦૨૫ના જાન્યુઆરીમાં આપઘાત કર્યો હતો અને આ કેસમાં હવે એવો ખુલાસો થયો છે. બિલ્ડરે વ્યાજખોરોના ત્રાસથી જીવન ટૂંકાવી લીધુ હતું. આ મામલે અડાલજ પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાઈ. જામનગરના ૧૧ લોકો સામે આ ફરિયાદ નોંધાઈ છે. મૃતક બિલ્ડરના પુત્ર દેવ પરમાર કે જેઓ હાલ અમદાવાદમાં રહે છે તેમણે અડાલજ પોલીસ મથકમાં ૧૧ આરોપીઓ સામે ગુનાહિત ષડયંત્ર રચવા અને આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કર્યો છે. વ્યાજે લીધેલા નાણાની સામે કરોડો રૂપિયાની વસુલાતનો આરોપ છે. વસુલાત બાદ પણ માનસિક ત્રાસ આપતા બિલ્ડરે આ પગલું ભર્યું. ઘટનાના ૧૦ દિવસ બાદ બિલ્ડરના નિવાસ સ્થાનેથી બે સ્યૂસાઈડ નોટો મળી હતી જેમાં કરોડો રૂપિયાના વ્યાજની વસુલાત અને પ્રોપર્ટી લખાવી લેવાનો આરોપ લગાવ્યો હતો. રિયલ એસ્ટેટનું મોટું નામ એવા બિલ્ડર મેરામણ પરમારે જ્યારે ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અડાલજ રોડ પરથી પસાર થતા હતા ત્યારે એવું કહેવાય છે કે ડ્રાઈવરને પાન લેવા મોકલીને પોતે ઝેરી દવા પી લીધી હતી અને ત્યારબાદ તબિયત બગડતા તેમને તાબડતોબ ગોતા-વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલી કેડી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. એ વખતે તો પોસ્ટમોર્ટમ બાદ તેમના મૃતદેહના અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા હતા. પરંતુ ત્યારબાદ ૧૦ દિવસે તેમના પત્નીને ઘરમાંથી એક કવર મળ્યું જેમાં તેમના હાથે લખેલી ૨ સ્યૂસાઈડ નોટ મળી હતી. આ સ્યૂસાઈડ નોટોથી મોટો ખુલાસો થયો હતો. આ અગાઉ પણ તેમણે ૨૦૨૦માં મોડી રાતે માંકડ મારવાની ઝેરી દવા પીને આપઘાત કરવાની કોશિશ કરી હોવાની માહિતી છે. પહેલી સ્યૂસાઈડ નોટ કે જે ચાર પાનાની હતી તેમાં જામનગરના વ્યાજખોરો ભીખુભા હરીસિંહ વાઢેર અને તેમના પુત્રોએ વ્યાજની રકમ ૩ ટકા વ્યાજ સાથે ચૂકવી હોવા છતાં સેફટી માટેની મિલ્કત પરત ન આપતા હોવા અને છતાં વ્યાજવસૂલી કરી માનસિક ત્રાસ આપતા હોવાનો આક્ષેપ હતો. બીજી સ્યૂસાઈડ નોટમાં પ્રવિણ લક્ષ્મણભાઈ દોમડીયા અને તેમના પરિવારે ઢીચડાની નંદ વિદ્યા નિકેતન સ્કૂલની ૫૦ ટકા મિલકતનો દસ્તાવેજ સેફ્ટી પેટે કરાવ્યા બાદ સાડા ત્રણ કરોડ વધુ માંગણી કરીને ત્રાસ આપતા હોવાનો અલ્લેખ છે. આ સિવાય પણ અનેક મોંઘી ગાડીઓનો તેઓ કાફલો ધરાવતા હતા. મૃતકની સ્યૂસાઈડ નોટ સામે આવતા તેમના પુત્ર દેવ પરમાર અને ભાગીદાર હરીશ ઓડેરાએ બેંક અને સબ રજિસ્ટ્રાર કચેરીના દસ્તાવેજોની ચકાસણી કરતા ચોંકાવનારી વિગતો સામે આવી અને વ્યાજખોરોનો ભાંડો ફૂટ્યો. જે નાણા વ્યાજે લીધા હતા તેની સિક્યુરિટી અને જામીનગીરી પેટે વાઢેર પરિવારે જામનગર શહેર, લાખાબાવળ, મસિતીયા, નગરસીમ, ઢીચડા રાવલસર જેવા ગામની સીમમાં આવેલી લગભગ ૨૮ જેટલી પ્રોપર્ટી જેમાં જમીનો અને પ્લોટોના વેચાણ દસ્તાવેજો પોતાના અને પરિવારની મહિલાઓના નામે કરાવ્યા હતા.

---

### ભારત માટે ચિંતાનો વિષય મનાય છે

# મિડલ ઈસ્ટમાં પાકિસ્તાને વધુ એક મોટા દેશ સાથે ડિફેન્સ ડીલ કરી

ઈસ્લામાબાદ,

ચારેય તરફથી આંતરિક અને આર્થિક પડકારોનો સામનો કરી રહેલા પાકિસ્તાને હવે મિડલ ઈસ્ટના દેશોમાં પોતાનું 'સૈન્ય નેટવર્ક' મજબૂત કરવાનો નવો રસ્તો અપનાવ્યો છે જે ભારત માટે ચિંતાનો વિષય મનાય છે. સાઉદી અરેબિયા અને તૂર્કેઈ સાથે સંરક્ષણ ભાગીદારી કર્યા બાદ, હવે પાકિસ્તાને કુવૈત સાથે હાથ મિલાવ્યા છે. ગુરુવારે ઈસ્લામાબાદ ખાતે પાકિસ્તાન અને કુવૈત વચ્ચે દ્વિપક્ષીય લશ્કરી સહયોગ વધારવા માટે એક મહત્ત્વપૂર્ણ સમજૂતી થઈ છે, જેને સત્તાવાર રીતે 'પ્રોટોકોલ એગ્રીમેન્ટ-૨૦૨૬' નામ આપવામાં આવ્યું છે.

ઈસ્લામાબાદમાં કુવૈતના સંરક્ષણ મંત્રી શેખ અબ્દુલ્લા અલી અબ્દુલ્લા અલ-સાલેમ અલ-સબાહ અને પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા મુહમ્મદ આસિફે આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર ૫ વર્ષ માટે અમલમાં રહેશે. કરાર હેઠળ બંને દેશોની સેનાઓ સંયુક્ત લશ્કરી તાલીમ અને અભ્યાસ કરશે, સૈન્ય શિક્ષણ અને વિશિષ્ટ જ્ઞાનની આપ-લે કરશે, તેમજ ગુપ્ત માહિતી (ઈન્ટેલિજન્સ) અને લોજિસ્ટિક્સમાં સહયોગ વધારશે. ઉપરાંત, પાકિસ્તાની સેના કુવૈતના સૈનિકોને ટ્રેનિંગ આપવામાં પણ મદદ કરશે.

આ કરાર એવા સમયે થયો છે જ્યારે પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ સતત લંબાઈ રહ્યું છે. કુવૈતને ઈરાની હુમલાઓથી તેના ઉર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે મોટું નુકસાન થયું છે. આ સિવાય હોર્મોઝ બંધ થવાને કારણે કુવૈતના ઓઈલ નિકાસ પર અસર પડી છે. આવા અસ્થિર માહોલ વચ્ચે કુવૈતે સુરક્ષાત્મક પગલાં તરીકે પાકિસ્તાન સાથે પોતાના લશ્કરી સંબંધો મજબૂત કર્યા છે. પાકિસ્તાને આંતરિક અને આર્થિક પડકારો વચ્ચે મિડલ ઈસ્ટમાં સૈન્ય નેટવર્ક મજબૂત કરવા કુવૈત સાથે હાથ મિલાવ્યા. નિષ્ણાતોના મતે, આ કરાર હાલમાં ભારત માટે સીધો સૈન્ય ખતરો નથી. તેનું મુખ્ય કારણ એ છે કે પાકિસ્તાન-કુવૈત સમજૂતીમાં એક દેશ પર હુમલો એટલે બીજા દેશ પર હુમલો જેવી કોઈ પરસ્પર સુરક્ષા ગેરંટીની કલમ નથી. આ કરાર માત્ર સૈન્ય તાલીમ અને ટેકનિકલ સહયોગ સુધી મર્યાદિત છે. તેમ છતાં, ખાડી વિસ્તારમાં પાકિસ્તાનના વધતા સૈન્ય પ્રભાવ અને દરિયાઈ માર્ગો પર ભારતીય નૌકાદળે સતર્કતાથી નજર રાખવી જરૂરી બની રહેશે.

---

### ૧૫૦૦થી લોકો ગુમ

# નેપાળમાં તબાહી વચ્ચે ભૂકંપના ઝટકા, પૂરમાં ૩૮૯ના મોત

## ૨૬ ઓગસ્ટના રોજ આવેલા વિનાશક પૂરને કારણે ભારત અને નેપાળ વચ્ચેનો રોડ સંપર્ક પણ ખોરવાઈ ગયો છે

કાઠમંડુ,

નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં અત્યાર સુધીમાં ૩૯૨ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૧૫૦૦થી વધુ લોકો હજુ પણ ગુમ છે. ૨૯૦ ભારતીય નાગરિકો હજુ પણ ગુમ છે અને શોધ પ્રયાસો ચાલુ છે. નેપાળમાં વિનાશક પૂર બાદ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા ૩.૨ માપવામાં આવી હતી. ૨૬ ઓગસ્ટના રોજ આવેલા વિનાશક પૂરને કારણે ભારત અને નેપાળ વચ્ચેનો રોડ સંપર્ક પણ ખોરવાઈ ગયો છે. દિલ્હી અને કાઠમંડુ વચ્ચેની બસ સેવા હાલ માટે સ્થગિત કરવામાં આવી છે. ૨૯ ઓગસ્ટના રોજ નિર્ધારિત નેપાળી બસ સેવા પણ સ્થગિત કરવામાં આવી છે. ભારત ૨૮ ઓગસ્ટના રોજ ફરીથી નેપાળમાં રાહત સામગ્રી મોકલશે. પૂર અને સંબંધિત ઘટનાઓને કારણે નેપાળમાં મૃત્યુઆંક ૩૮૯ પર પહોંચી ગયો છે. ઉપલબ્ધ માહિતી અનુસાર, રસુવામાં ૧૭, નુવાકોટમાં ૨૮, ધાદિંગમાં ૩૩, ચિતવનમાં ૧૩૭, ગોરખામાં ૩૨, તનહુમાં ૨૮, નવલપરાસી પૂર્વમાં ૮૭ અને નવલપરાસી પશ્ચિમમાં ૨૭ મૃતદેહો મળી આવ્યા છે. નેપાળમાં પૂરની પરિસ્થિતિના પ્રતિભાવમાં વિદેશ મંત્રાલયે ૨૪ કલાક કાર્યરત એક ખાસ કંટ્રોલ રૂમ સ્થાપ્યો છે. નેપાળમાં ફસાયેલા ભારતીય નાગરિકો અથવા તેમના પરિવારો કટોકટીની સ્થિતિમાં કંટ્રોલ રૂમનો સંપર્ક કરી શકે છે. વિદેશ મંત્રાલયના ટેલિફોન નંબરો +૯૧ ૧૧ ૨૩૦૮ ૮૭૧૮, +૯૧ ૧૧ ૨૩૦૮ ૮૭૧૯, અને +૯૧ ૧૧ ૨૩૦૧ ૨૧૧૩ છે. +૯૧ ૯૯૬૮૨૯૧૯૮૮ પર વોટ્સએપ કોલ અથવા સંદેશા કરી શકાય છે. **situationroom@mea.gov.in** પર ઈમેઈલ દ્વારા માહિતી પૂરી પાડી શકાય છે. નેપાળની રાજધાની કાઠમંડુમાં ભારતીય દૂતાવાસે પણ ઈમરજન્સી સંપર્ક નંબરો જાહેર કર્યા છે. જરૂર પડ્યે તમે +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭, +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦ અને +૯૭૭ ૯૮૧ ૦૩૨ ૬૧૧૭ પર સંપર્ક કરી શકો છો. આ નંબરો પર વોટ્સએપ દ્વારા પણ સંપર્ક કરી શકાય છે. કટોકટીની સ્થિતિમાં નેપાળી અધિકારીઓનો પણ સંપર્ક કરી શકાય છે. પ્રવાસી પોલીસ નંબર +૯૭૭ ૯૮૫૧૨૮૯૪૪૫ છે. નેપાળી આર્મીનો +૯૭૭ ૯૮૫૧૦૭૨૯૧૪ અને **dgmi-foreign@nepalarmy.mil.np** પર સંપર્ક કરી શકાય છે. **NDRRMA** નંબરો +૯૭૭ ૯૮૫૧૩૨૦૨૬૯ અને +૯૭૭ ૯૮૪૯૨૮૧૦૯૭ છે. અસરગ્રસ્ત જિલ્લાઓ માટે રસુવા પોલીસ નંબર +૯૭૭ ૯૮૫૧૨૫૪૯૬૦, નુવાકોટ પોલીસ +૯૭૭ ૯૮૫૧૨૮૨૩૮૦, ધાદિંગ પોલીસ +૯૭૭ ૯૮૫૧૨૨૯૮૬૦ અને ચિતવન પોલીસ +૯૭૭ ૯૮૫૫૦૧૩૯૯૯ છે. દિલ્હી-કાઠમંડુ બસ સેવામાં વિક્ષેપ અને ૨૯ ઓગસ્ટની બસ સેવા મુલતવી રાખવાથી બંને દેશો વચ્ચેના માર્ગ ટ્રાફિક પર પૂરની અસર સ્પષ્ટપણે દેખાય છે. નેપાળની મુસાફરી કરતા મુસાફરોએ તેમની યાત્રાનું આયોજન કરતા પહેલા બસ સેવા અને સ્થાનિક અધિકારીઓનો સંપર્ક કરવો જોઈએ.

---

### મારો પરિવાર મારા માટે પ્રાયોરિટી : ડીન એલ્ગર

# દ. આફ્રિકાના પૂર્વ કેપ્ટન ડીન એલ્ગરે પ્રોફેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

## ૮૬ ટેસ્ટમાં ૧૪ સદી સાથે ૫,૩૪૭ રન બનાવનાર એલ્ગર ભારત સામેની ઐતિહાસિક ૧૮૫ રનની ઈનિંગ માટે જાણીતો છે

કેપટાઉન,

દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન અને વિશ્વના સૌથી ભરોસાપાત્ર ટેસ્ટ ઓપનરો પૈકીના એક ડીન એલ્ગરે તમામ પ્રકારના પ્રોફેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની સત્તાવાર જાહેરાત કરી છે. ૩૯ વર્ષીય એલ્ગર વર્તમાન કાઉન્ટી ચેમ્પિયનશિપ ૨૦૨૬ની સિઝન પૂર્ણ થતાં જ ક્રિકેટના તમામ ફોર્મેટને કાયમ માટે અલવિદા કહી દેશે. લગભગ દોઢ દાયકા લાંબી ક્રિકેટ કારકિર્દી ધરાવતા એલ્ગરે નિવૃત્તિનું કારણ જણાવતાં કહ્યું હતું કે, હવે જીવનના આગામી અધ્યાય તરફ આગળ વધવાનો અને પોતાના પરિવારને પ્રાથમિકતા આપી તેમની સાથે વધુ સમય વિતાવવાનો યોગ્ય સમય આવી ગયો છે.

ડીન એલ્ગરે વર્ષ ૨૦૧૨માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું અને લગભગ ૧૨ વર્ષ સુધી દક્ષિણ આફ્રિકાની ટેસ્ટ ટીમનો મુખ્ય આધારસ્તંભ રહ્યો હતોઃ

ટેસ્ટ આંકડાઃ એલ્ગરે સાઉથ આફ્રિકા માટે કુલ ૮૬ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં ૩૫.૯૨ની એવરેજથી ૫,૩૪૭ રન બનાવ્યા છે. તેના નામે ૧૪ સદી અને ૨૩ અડધી સદી નોંધાયેલી છે.

સર્વોચ્ચ સ્કોરઃ તેનો સર્વોચ્ચ સ્કોર ૧૯૯ રન રહ્યો હતો, જે તેણે વર્ષ ૨૦૧૭માં બાંગ્લાદેશ સામે બનાવ્યો હતો.

બેટિંગ ઓળખઃ આક્રમક શોટ્સ રમવા કરતાં પણ મુશ્કેલ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં ક્રિઝ પર ટકી રહીને ધીરજપૂર્વક લાંબી ઈનિંગ રમવા માટે તે વિશ્વભરમાં જાણીતો રહ્યો હતો.

વનડે રેકોર્ડઃ એલ્ગરે સાઉથ આફ્રિકા માટે ૮ વનડે મેચ પણ રમી હતી, જેમાં તેણે ૧૭.૩૩ની એવરેજથી ૧૦૪ રન બનાવ્યા હતા. ભારત સામે સેન્ચુરિયનમાં ૧૮૫ રન અને યાદગાર ફેરવેલ ટેસ્ટ

ડીન એલ્ગરે વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં ભારત સામે રમાયેલી ઘરઆંગણાની ટેસ્ટ શ્રેણી બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. કેપટાઉનમાં રમાયેલી અંતિમ ટેસ્ટ દરમિયાન ઈજાગ્રસ્ત નિયમિત કેપ્ટન ટેમ્બા બાવુમાની ગેરહાજરીમાં એલ્ગરને ટીમની કપ્તાની સોંપવામાં આવી હતી. પોતાની ફેરવેલ સીરિઝમાં યાદગાર પ્રદર્શન કરતાં તેણે સેન્ચુરિયન ટેસ્ટમાં ૧૮૫ રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેના દમ પર દક્ષિણ આફ્રિકાએ ભારત સામે ઈનિંગથી જીત મેળવી હતી અને ટેસ્ટ શ્રેણી ૧-૧થી બરાબર કરી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ ટેસ્ટ ક્રિકેટના મર્યાદિત શેડ્યૂલને કારણે એલ્ગરે ઈંગ્લેન્ડની કાઉન્ટી ક્રિકેટ તરફ વળવાનો નિર્ણય કર્યો હતો. એસેક્સ ક્લબમાં તે નિવૃત્ત થયેલા દિગ્ગજ બેટર એલેસ્ટર કૂકની જગ્યા ભરવા જોડાયો હતોઃ

વર્ષ ૨૦૨૪માં એસેક્સ સાથે જોડાતાં જ તેણે કાઉન્ટી ચેમ્પિયનશિપ સિઝનમાં ૧,૦૦૦થી વધુ રન બનાવ્યા હતા અને ક્લબના 'બેટર ઓફ ધ યર' તરીકે પસંદગી પામ્યો હતો.

---

### પોલીસે રૂ. ૪.૯૦ લાખનો મેડિકલ સામાન જપ્ત કર્યો

# દવાખાનું ખોલી સારવાર કરતાં ચાર મુન્નાભાઈ ઝડપાઈ ગયા

સુરત,

સુરત શહેરમાં ડિગ્રી કે માન્ય લાયકાત વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા બોગસ ડોક્ટરો સામે પોલીસ દ્વારા કાર્યવાહી તેજ કરવામાં આવી છે. ઝોન-૧ એલસીબી અને પુણા પોલીસની સંયુક્ત ટીમે પુણા-ઉમરવાડા વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી ચાર બોગસ ડોક્ટરોને ઝડપી પાડ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ ઝડપાયેલા આરોપીઓ પૈકી કેટલાક માત્ર ૧૦મું, ૧૧મું કે ૧૨મું ધોરણ પાસ છે અને તેમ છતાં છેલ્લા કેટલાય વર્ષોથી ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરતા હોવાનું સામે આવ્યું છે. પોલીસ કાર્યવાહીમાં ચારેય આરોપીઓ પાસેથી કુલ રૂ. ૪,૯૦,૯૮૧ની કિંમતનો મેડિકલ સામાન અને એલોપેથી દવાઓનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દવાઓ અને અન્ય મેડિકલ સામાન કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડિગ્રી વગર દર્દીઓની સારવાર કરતા હોવાની બાતમી સુરત શહેરમાં ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા બોગસ ડોક્ટરોને શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે ઝોન-૧ એલસીબીની ટીમે બાતમીદારો પાસેથી માહિતી એકત્ર કરવાની કામગીરી શરૂ કરી હતી. પુણા-ઉમરવાડા વિસ્તારમાં કેટલાક લોકો કોઈ માન્ય મેડિકલ ડિગ્રી કે લાયસન્સ વગર ક્લિનિક અને દવાખાનાં ચલાવી દર્દીઓની સારવાર કરી રહ્યા છે.

બાતમીના આધારે એલસીબી અને પુણા પોલીસની ટીમે અલગ-અલગ સ્થળોએ તપાસ હાથ ધરી હતી. ચાર સ્થળોએ કાર્યવાહી, ચારેય શખ્સો ઝડપાયા પોલીસે પુણા-ઉમરવાડા વિસ્તારમાં કુલ ચાર સ્થળોએ કાર્યવાહી કરી હતી. જેમાં રાજીવનગર ઝૂંપડપટ્ટીના પ્લોટ નં. ૨૨૬, આશાનગર ઝૂંપડપટ્ટીના પ્લોટ નં. ૧૩૪ ખાતે આવેલ 'સંજીવ ચિકિત્સાલય', રાજીવનગર ઝૂંપડપટ્ટીના પ્લોટ નં. ૬૩૧ અને પ્લોટ નં. ૭૭ ખાતે તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ચારેય સ્થળોએ લોકો પોતાને ડોક્ટર તરીકે ઓળખાવી દર્દીઓની સારવાર કરતા હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપીઓ પાસે કોઈ માન્ય મેડિકલ ડિગ્રી ન હોવા છતાં તેઓ એલોપેથી દવાઓનો ઉપયોગ કરીને બીમાર દર્દીઓની સારવાર કરતા હતા.

---

### કેપ્ટન ગિલે આપ્યું મોટું નિવેદન

# ભારત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પોતાની જગ્યા પાકી કરશે

## ભારતના સુકાની શુભમન ગિલે સ્પષ્ટતા કરી હતી કે આ પરિણામથી ટીમનું મનોબળ જરા પણ તૂટ્યું નથી

નવી દિલ્હી,

શ્રીલંકા સામે કોલંબોમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચ ભલે ડ્રોમાં પરિણમી હોય, પરંતુ ભારતીય ટીમના કેપ્ટન શુભમન ગિલના આત્મવિશ્વાસમાં કોઈ કમી આવી નથી. ભારતે પ્રથમ ટેસ્ટ જીતીને સિરીઝ ૧-૦ થી પોતાના નામે કરી લીધી છે. જોકે, કોલંબો ટેસ્ટ ડ્રો થવાના કારણે પોઈન્ટ્સ ટેબલમાં ભારતની ટકાવારી પર માઠી અસર પડી છે. તેમ છતાં, ગિલને પૂરો ભરોસો છે કે ટીમ ઈન્ડિયા આગામી મેચોમાં શાનદાર વાપસી કરીને લોર્ડ્ઝ ખાતે રમાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પોતાની જગ્યા પાકી કરશે. મેચ બાદ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં સુકાની શુભમન ગિલે સ્પષ્ટતા કરી હતી કે આ પરિણામથી ટીમનું મનોબળ જરા પણ તૂટ્યું નથી. ડ્રો પરિણામ છતાં ગિલે સકારાત્મક અભિગમ દર્શાવતા કહ્યું કે, અમે ચોક્કસપણે આ મેચ જીતવા અને સંપૂર્ણ પોઈન્ટ્સ મેળવવા માગતા હતા, પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં પરિસ્થિતિ હંમેશા તમારી તરફેણમાં નથી હોતી. શ્રીલંકાના બેટ્સમેનોએ સંઘર્ષ કર્યો અને પરિણામ ડ્રો રહ્યું. જોકે, વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલની રેસ હજુ ખુલ્લી છે. અમારી પાસે આગામી ટેસ્ટ મેચો બાકી છે અને અમારા ડ્રેસિંગ રૂમને સંપૂર્ણ વિશ્વાસ છે કે અમે જરૂરી પોઈન્ટ્સ મેળવીને લોર્ડ્ઝ ખાતે રમાનારી ફાઈનલમાં જગ્યા બનાવી લઈશું. કોલંબો ટેસ્ટ ડ્રો થયા બાદ ભારતની પોઈન્ટ્સ ટકાવારી ઘટીને આશરે ૫૧.૫૨% આસપાસ આવી ગઈ છે, જેના કારણે ટીમ ટેબલમાં પાંચમા સ્થાને જળવાઈ રહી છે. હવે ફાઈનલમાં સીધા પ્રવેશની સંભાવના મજબૂત રાખવા માટે ભારતે પોતાની બાકી રહેલી ૭ ટેસ્ટ મેચોમાંથી ઓછામાં ઓછી ૬ મેચો જીતવી જ પડશે. નવેમ્બરમાં ન્યૂઝીલેન્ડ પ્રવાસઃ ભારત ૨ ટેસ્ટ મેચ રમશે. ઓસ્ટ્રેલિયા ભારતમાં ૫ ટેસ્ટની સિરીઝ રમવા આવશે. ઓસ્ટ્રેલિયા સામે સળંગ પાંચ ટેસ્ટ જીતવી ક્યારેય આસાન નથી હોતી. જો ભારત માત્ર ૫ મેચ જીતશે, તો તેણે ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ન્યુઝીલેન્ડ અને બાંગ્લાદેશ જેવી ટીમો તેમની બાકીની મેચોમાં હારે તેવી આશા રાખવી પડશે. આ સિરીઝમાં યુવા ખેલાડીઓએ જે રીતે પ્રતિભા બતાવી છે, તેનાથી ગિલ ખૂબ સંતુષ્ટ છે. તેણે ખાસ કરીને માનવ સુથારની શાનદાર બોલિંગ અને ભારતીય ફાસ્ટ બોલરોના જુસ્સાને બિરદાવ્યો હતો. આ સાથે જ, ટોપ ઓર્ડરમાં ચેતેશ્વર પુજારા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજ બેટ્સમેનોની જગ્યા પૂરવા માટે દેવદત્ત પડિક્કલે પૂરતી મહેનત કરવાની પ્રતીતિ કરાવી છે. વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલે પણ સાબિત કર્યું છે કે તે ભવિષ્યમાં નિયમિત ટેસ્ટ પ્લેયર બની શકે તેવી ક્ષમતા ધરાવે છે. માનવ સુથાર અને પડિક્કલ લાંબા સમય સુધી પ્રદાન આપે તેવા ખેલાડીઓ તરીકે ઊભરી આવ્યા છે. ગિલે સ્પોર્ટ્સમેનશિપનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા શ્રીલંકાની ટીમે જે રીતે બીજી ટેસ્ટ ડ્રો ખેંચી તે બદલ તેમના ખેલાડીઓને બિરદાવ્યા હતા. ગિલે સ્વીકાર્યું કે આખરી બેટ્સમેનોને આઉટ કરવા ભારતે શક્ય તમામ પ્રયત્ન અને રણનીતિ અપનાવી હતી.

### ૩૦૦૦ કેદીને બહેને રાખડી બાંધી, સર્જાયા ભાવુક દૃશ્ય

# સાબરમતી સેન્ટ્રલ જેલમાં રક્ષાબંધનની ઉજવણી થઈ

## રક્ષાબંધનને લઈ બહેનોએ ભાઈઓને ગુનાહિત દુનિયા છોડી સન્માનજનક જીવન જીવવાની શિખામણ આપી

અમદાવાદ,

પવિત્ર રક્ષાબંધનના પર્વ નિમિત્તે અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં અત્યંત લાગણીસભર અને ભાવુક વાતાવરણ સર્જાયું હતું. વિવિધ ગુનાઓ હેઠળ જેલમાં સજા કાપી રહેલા પોતાના ભાઈઓના કાંડે સ્નેહ અને સુરક્ષાનું પ્રતીક એવી રાખડી બાંધવા માટે બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. લાંબા સમયથી જેલની ચાર દીવાલો વચ્ચે સજા ભોગવી રહેલા ભાઈઓને જ્યારે તેમની બહેનોએ રૂબરૂ મળીને રક્ષાસૂત્ર બાંધ્યું ત્યારે બંને પક્ષે આંખોમાંથી અશ્રુ વહી નીકળ્યા હતા અને સમગ્ર જેલ પરિસર લાગણીશીલ દ્રશ્યોનું સાક્ષી બન્યું હતું. બહેનોએ ભાઈઓના કાંડે રક્ષાકવચ બાંધવાની સાથે જ તેમને ભવિષ્યમાં ક્યારેય પણ કોઈ ખોટા રસ્તે ન જવાની તથા સજા પૂરી થયા બાદ નવેસરથી સન્માનજનક જીવન શરૂ કરવાની મહત્ત્વપૂર્ણ શિખામણ આપી હતી. આ ભાવુક ક્ષણે કેદી ભાઈઓએ પણ પોતાની બહેનોને વચન આપ્યું હતું કે તેઓ જેલમાંથી મુક્ત થયા પછી ગુનાહિત દુનિયાનો સંપૂર્ણપણે ત્યાગ કરશે. ભવિષ્યમાં પોતાના પરિવારજનો સાથે રહીને એક સમાજના આદર્શ અને જવાબદાર નાગરિક તરીકે જીવન વિતાવશે તેવી દ્રઢ ખાતરી આપીને તેમણે ફરી ક્યારેય ગુનો ન કરવાની ગંભીર પ્રતિજ્ઞા લીધી હતી. આ પવિત્ર પર્વની ઉજવણી શાંતિપૂર્ણ અને સુચારુ રીતે થાય તે માટે જેલ સત્તાવાળાઓ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સવારના ૮ વાગ્યાથી લઈને બપોરના ૩ વાગ્યા સુધી ચાલનારા આ કાર્યક્રમમાં ૩૦૦૦ થી વધુ કેદી ભાઈઓને તેમની બહેનોએ રાખડી બાંધી હતી. સુરક્ષા અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જે લોકોએ અગાઉથી નોંધણી કરાવવી હતી માત્ર તેમને જ જેલ પરિસરમાં પ્રવેશ આપવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવી હતી. જેલ પ્રશાસન દ્વારા મુલાકાતી બહેનો અને કેદી ભાઈઓ માટે અલગ અલગ ટેબલ તથા બેઠકની સુવિધા ઊભી કરવામાં આવી હતી. જેથી કરીને દરેક ભાઈ-બહેન કોઈ પણ ખલેલ વગર એકબીજા સાથે શાંતિથી મુલાકાત કરી શકે અને પર્વની સુખદ ઉજવણી કરી શકે. જેલ સત્તાવાળાઓના આ માનવીય અભિગમ અને આયોજનના કારણે કેદીઓ અને તેમના સ્વજનોમાં ભારે સંતોષની લાગણી જોવા મળી હતી.

### મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી

# ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી કરી

અમદાવાદ,

ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી કરી હતી. તેમણે પોતાના સંસદીય ક્ષેત્રની દીકરીઓ, ખાસ કરીને ટાઈપ વન ડાયાબિટીસથી પીડિત દીકરીઓ સાથે આ પર્વ મનાવ્યો હતો. આ પ્રસંગે, અમિત શાહે દીકરીઓ પાસેથી રાખડી બંધાવી અને તેમના રક્ષણ તથા સ્વાસ્થ્યની જવાબદારીને લઈને એક મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. આ પ્રસંગે, અમિત શાહે દીકરીઓ પાસેથી રાખડી બંધાવી અમિત શાહે ટાઈપ વન ડાયાબિટીસ ધરાવતી તમામ દીકરીઓને રક્ષાબંધનની અનોખી ભેટ આપતા જણાવ્યું હતું કે તેમને આજીવન નિશુલ્ક ઈન્સ્યુલિન પૂરું પાડવામાં આવશે. આ નિર્ણયથી આ દીકરીઓના પરિવાર પરનો આર્થિક બોજ નોંધપાત્ર રીતે હળવો થશે. વધુમાં, અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે માત્ર ઈન્સ્યુલિન આપવું પૂરતું નથી, પરંતુ દીકરીઓનું આરોગ્ય સતત સારું રહે તે માટે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં એક સુદ્રઢ અને સંકલિત આરોગ્ય વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. આ સિસ્ટમ અંતર્ગત ટાઈપ વન ડાયાબિટીસના દર્દીઓનું યોગ્ય સ્ક્રીનિંગ, નિયમિત બ્લડ શુગર ટેસ્ટિંગ અને ડોક્ટર દ્વારા જરૂરી ફોલોઅપ સારવાર પૂરી પાડવામાં આવશે, જે દીકરીઓના દીર્ઘકાલીન સ્વાસ્થ્ય માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

### નેપાળ પૂર હોનારત

# માનસરોવર યાત્રાએ ગયેલા સુરતના એક જ પરિવારના ૩ સભ્યો ગુમ

## પરિવારના સભ્ય અને વૃદ્ધ માતા સુશીલાબહેન પટેલે જણાવ્યું કે, અમારી તેમની સાથે છેલ્લી વાતચીત ૨૩મી ઓગસ્ટે થઈ હતી

સુરત,

નેપાળ-તિબેટ સરહદે આવેલા ભયાનક પૂર અને તારાજી વચ્ચે ગુજરાતના અનેક શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ ફસાયા છે. જેમાં સુરતના એક જ પરિવારના ત્રણ સભ્યો પણ લાપતા થતાં પરિવાજનોમાં ભારે ચિંતાનો માહોલ છવાયો છે. સુરત મૂળના પરેશ નટવરલાલ પટેલ, તેના પત્ની જ્યોતિબહેન પરેશ પટેલ (બંને US નિવાસી) અને તેની દીકરી મીનાક્ષીબહેન રામાણી (મુંબઈ નિવાસી) માનસરોવર યાત્રા દરમિયાન નેપાળ-તિબેટ સરહદે સંપર્ક વિહોણા બન્યા છે. મળતી માહિતી મુજબ, પરેશ પટેલ અને જ્યોતિબહેન ૨૦મી ઓગસ્ટે યુએસથી નેપાળ ફરવા અને માનસરોવર યાત્રા માટે પહોંચ્યા હતા. જ્યારે તેમની દીકરી મીનાક્ષીબહેન ૨૨મી ઓગસ્ટે મુંબઈથી નેપાળ પહોંચીને તેમની સાથે જોડાઈ હતી. પરિવારના સભ્ય અને વૃદ્ધ માતા સુશીલાબહેન પટેલે જણાવ્યું કે, અમારી તેમની સાથે છેલ્લી વાતચીત ૨૩મી ઓગસ્ટે થઈ હતી. આ દરમિયાન તેઓ ઈમિગ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરીને તિબેટ સરહદ તરફ માનસરોવર યાત્રા માટે નીકળ્યા હતા. ત્યાર બાદથી તેમનો મોબાઈલ સ્વિચ ઓફ આવે છે અને કોઈ સંપર્ક થઈ શક્યો નથી. અધિકૃત વિગતો અનુસાર, આ પરિવાર રિચા ટુર્સ મારફતે રસુવાગઢી-કેરુંગ રૂટ પરથી કૈલાશ માનસરોવર યાત્રા કરી રહ્યો હતો. ૨૬મી ઓગસ્ટે તિબેટ ક્ષેત્રમાં થયેલા ભારે ભૂસ્ખલન અને ભોટેકોશી નદીમાં આવેલા ભયાનક પૂરને કારણે કેરુંગ સરહદ અને ફ્રેન્ડશિપ બ્રિજ આસપાસના રસ્તાઓ ધોવાઈ ગયા છે તેમજ ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક સાવ ઠપ થઈ ગયું છે. ઘરમાં સંતાનોના કોઈ સમાચાર ન મળતા સુશીલાબેન પટેલ અને તેમનો પરિવાર ભારે આઘાતમાં છે.

### હવે સ્પોર્ટસમાં પણ ગુજરાત મોડલ

# ગુજરાતે શરૂ કર્યો 'સ્પોર્ટ્સ જીનોમિક્સ' કાર્યક્રમ

## ગુજરાતમાં વિવિધ રમતોમાં અગ્રણી રહેલા રમતવીરોના DNAનું પૃથ્થકરણ કરવા માટે કાર્યક્રમ શરૂ કરાયો છે

ગાંધીનગર,

ગુજરાતે રમતગમત ક્ષેત્રે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ઉપયોગ વધારવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરી છે. રાજ્ય સરકારે 'સ્પોર્ટ્સ જીનોમિક્સ પ્રોગ્રામ' શરૂ કર્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત પ્રતિભાશાળી રમતવીરોના DNA અને આનુવંશિક લક્ષણોનો અભ્યાસ કરીને તેમની શારીરિક ક્ષમતા, રમતગમતના પ્રદર્શન, રિકવરી અને ઈજાના જોખમ સહિતના વિવિધ પાસાં સમજવાનો પ્રયાસ કરવામાં આવશે. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) દ્વારા આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાના જણાવ્યા અનુસાર, સ્પોર્ટ્સ જીનોમિક્સ કાર્યક્રમ શરૂ કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે.

GBRCના વૈજ્ઞાનિકોએ વિવિધ રમતો સાથે સંકળાયેલા રમતવીરોના સેમ્પલ એકત્ર કરવાનું શરૂ કરી દીધું છે. પ્રથમ તબક્કામાં ગુજરાત સ્ટેટ ટેનિસ એસોસિએશન (GSTA)ના ટેનિસ ખેલાડીઓના સેમ્પલ લેવામાં આવ્યા છે. આગામી તબક્કામાં વિજયી ભારત ફાઉન્ડેશન સાથે સંકળાયેલા તીરંદાજી, ફેન્સિંગ, જુડો અને શૂટિંગના રમતવીરોના સેમ્પલ લેવામાં આવશે. ચાલુ વર્ષે કુલ ૨,૦૦૦ સેમ્પલ એકત્ર કરીને તેનું વિશ્લેષણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશનના મિશન ડિરેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે પ્રતિભાશાળી રમતવીરોનું હોલ-જિનોમ સિક્વન્સિંગ આ કાર્યક્રમનો મહત્વપૂર્ણ હિસ્સો રહેશે. આગામી પાંચ વર્ષમાં કુલ ૧૦,૦૦૦ સેમ્પલ એકત્ર કરવાનો લક્ષ્યાંક છે. વિવિધ રમતગમતની શાખાઓના અગ્રણી રમતવીરોનું સ્ક્રીનિંગ કરવામાં આવશે અને દર વર્ષે આશરે ૨,૦૦૦ સેમ્પલનું હોલ-જિનોમ સિક્વન્સિંગ તથા વિશ્લેષણ કરવાની યોજના છે.

સ્પોર્ટ્સ જીનોમિક્સ કાર્યક્રમ હેઠળ અનેક રમતગમતની શાખાઓને આવરી લેવામાં આવશે. તેમાં એથ્લેટિક્સ, સ્વિમિંગ, બોક્સિંગ, કુસ્તી, જુડો, તાઈક્વોન્ડો, જિમ્નાસ્ટિક્સ અને ફેન્સિંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ફૂટબોલ, હોકી, હેન્ડબોલ, વોલીબોલ અને બાસ્કેટબોલ જેવી ટીમ અને બોલ આધારિત રમતોના ખેલાડીઓનો પણ અભ્યાસ કરાશે. બેડમિન્ટન, ટેબલ ટેનિસ, લૉન ટેનિસ, કબડ્ડી અને ખો-ખો ઉપરાંત તીરંદાજી, શૂટિંગ અને ચેસ જેવી ચોકસાઈ અને કૌશલ્ય આધારિત રમતો પણ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવી છે. કાર્યક્રમમાં વિવિધ વયજૂથના રમતવીરોને આવરી લેવાની યોજના છે. તેમાં ૧૪ વર્ષથી ઓછી ઉંમર, ૧૪થી ૧૮ વર્ષ અને ૧૮ વર્ષથી વધુ ઉંમરના ખેલાડીઓનો સમાવેશ થશે. રાજ્ય અને રાષ્ટ્રીય ચેમ્પિયન ખેલાડીઓને પ્રાથમિકતા આપવામાં આવશે. તેના આધારે ઉચ્ચ સ્તરે પ્રદર્શન કરતા રમતવીરોની આનુવંશિક અને શારીરિક લાક્ષણિકતાઓનો અભ્યાસ કરવામાં આવશે. સ્પોર્ટ્સ જીનોમિક્સ એક ઊભરતું વૈજ્ઞાનિક ક્ષેત્ર છે, જેમાં આનુવંશિક ભિન્નતાઓ અને રમતવીરની લાક્ષણિકતાઓ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવામાં આવે છે.

### ગુજરાતના ૪ સ્થળોથી શરૂ થશે મોટું અભિયાન

# હવે મંદિરો-પર્યટન સ્થળો પર નહીં દેખાય ભિક્ષુકો

અમદાવાદ,

ગુજરાતના પ્રમુખ ધાર્મિક અને પ્રવાસન સ્થળો પર આવતા લાખો શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ વચ્ચે ભિક્ષાવૃત્તિ એક મોટી સામાજિક સમસ્યા બની રહી છે. આ પરિસ્થિતિને કાયમી ધોરણે બદલવા અને ભિક્ષાવૃત્તિમાં ધકેલાયેલા લોકોને સન્માનજનક જીવન પૂરું પાડવા માટે કેન્દ્ર સરકારે એક અભિયાન હાથ ધર્યું છે. કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા શરૂ કરાયેલા ભિક્ષાવૃત્તિ મુક્ત અભિયાનના પ્રથમ તબક્કામાં ગુજરાતના ૪ શહેરો અને યાત્રાધામોની પસંદગી કરવામાં આવી છે. આ પ્રકારના લોકોને એક જ સ્થળે લાવીને તેમનું કાઉન્સિલિંગ કરાશે ત્યારબાદ આધાર કાર્ડ-રેશન કાર્ડ-આયુષ્યમાન કાર્ડ જેવા જરૂરી દસ્તાવેજ બનાવાશે. તેઓને આશ્રય આપીને પ્રધાનમંત્રી દક્ષ યોજના અંતર્ગત રોજગારલક્ષી તાલીમ અપાશે. - મોના પાંચાલ, અધિક સચિવ (સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર)આ અભિયાન હેઠળ સૌથી પહેલાં વડોદરા, ગીર સોમનાથ, એકતાનગર અને પાવાગઢ જેવા પસંદ કરાયેલા સ્થળો પરથી ભિક્ષાવૃત્તિ સાથે જોડાયેલા લોકોને એકઠા કરીને એક જ સ્થળે આશરો આપવામાં આવશે. તેમનું પ્રોફેશનલ કાઉન્સિલિંગ કરવામાં આવશે, જેથી તેઓ ભિક્ષાવૃત્તિ છોડીને નવું જીવન શરૂ કરવા માનસિક રીતે તૈયાર થાય. કાઉન્સિલિંગ પછી તેમના આધાર કાર્ડ, રેશન કાર્ડ અને આયુષ્માન કાર્ડ જેવા જરૂરી સરકારી દસ્તાવેજો બનાવી આપવામાં આવશે. દસ્તાવેજીકરણ પૂર્ણ થયા બાદ આ લોકોને આશ્રય આપીને પ્રધાનમંત્રી દક્ષ યોજના અંતર્ગત વિવિધ કૌશલ્યોની રોજગારલક્ષી તાલીમ અપાશે.

### સેવકોમાં ભારે ચિંતા!

# અયોધ્યાથી નેપાળ ગયેલા અમરેલીના મહંત ગોમતીદાસબાપુ સંપર્કવિહોણા

અમરેલી,

નેપાળ-તિબેટ સરહદે આવેલા લાંગતાંગ ક્ષેત્રમાં ગ્લેશિયર તૂટવાને કારણે ભોટેકોશી નદીમાં ભયાનક પૂર આવ્યું છે. આ અચાનક આવેલી કુદરતી આપત્તિના પગલે નેપાળ અને કૈલાશ માનસરોવરની યાત્રાએ ગયેલા ગુજરાતી પરિવારોમાં ભારે ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. ગુજરાત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર માહિતી અનુસાર, નેપાળ પ્રવાસે ગયેલા ગુજરાતના મૂળ વતનીઓ તેમજ વિદેશી નાગરિકતા (NRI) ધરાવતા મળીને કુલ ૨૪ નાગરિકો હાલ સંપર્કવિહોણા થયા છે. સંપર્કવિહોણા થયેલા નાગરિકોમાં અમરેલી જિલ્લાના બે વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે. જેમાં એક અમેરિકી નાગરિકતા ધરાવતા દિનેશ પટેલ અને બીજા જાફરાબાદ સ્થિત ખંઢેરા હનુમાનજી મંદિરના મહંત કામતાપ્રસાદ બાબુલાલ ઉર્ફે ગોમતીદાસબાપુ છે. મળતી માહિતી મુજબ, ગોમતીદાસબાપુ ગત ૧૦મી ઓગસ્ટે જાફરાબાદથી અયોધ્યા જવા માટે નીકળ્યા હતા. અયોધ્યાથી તેઓ સાધુ સમાજ સાથે નેપાળની યાત્રાએ રવાના થયા હતા. જોકે, નેપાળ પહોંચ્યા બાદ અચાનક આવેલી પૂરની હોનારત પછી તેનો સંપર્ક તૂટી ગયો છે. મહંત ગોમતીદાસબાપુનો કોઈ પત્તો ન મળતાં અમરેલી અને જાફરાબાદ પંથકમાં તેમના વિશાળ સેવકગણ અને ભક્તોમાં ભારે ચિંતા અને અરેરાટી વ્યાપી ગઈ છે. રાજ્ય સરકારના SEOC વિભાગ દ્વારા નેપાળ સ્થિત ભારતીય દૂતાવાસ અને સ્થાનિક પ્રશાસન સાથે સતત સંપર્ક જાળવીને ગુમ થયેલા તમામ ૨૪ નાગરિકોને ઝડપથી શોધી કાઢવા માટે રાહત અને બચાવ કામગીરી તેજ કરવામાં આવી છે.

# સાગબારામાં જંગલ જમીન મુદ્દે ખેડૂતોનો મોરચો

નર્મદા,

નર્મદા જિલ્લાના સાગબારા ખાતે જંગલ જમીનના હક અને ખેડાણને લઈને આદિવાસી ખેડૂતો છેલ્લા ૨૧ દિવસથી ધરણા પર બેઠા છે. તાજેતરમાં ઉમરપાડા અને સાગબારા વિસ્તારમાં જમીન ખેડાણ મુદ્દે ખેડૂતો અને વન વિભાગ વચ્ચે ઘર્ષણના બનાવો બન્યા હતા. સ્થાનિક આગેવાન લીલા વસાવાના આહવાન બાદ ખેડૂતોએ જમીન ખેડાણ શરૂ કર્યું હતું. આ વિવાદ વધતાં સાંસદ મનસુખ વસાવાએ ગાંધીનગર ખાતે સરકાર સમક્ષ ખેડૂતોના પ્રશ્નોની વિસ્તૃત રજૂઆત કરી હતી. ભાજપ સાંસદ મનસુખ વસાવા અને રાજ્ય સરકાર વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ સાગબારા અને ઉમરપાડા તાલુકાના જંગલ જમીન વિવાદનો ઉકેલ લાવવા માટે સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો હતો. ગાંધીનગરમાં યોજાયેલી સમીક્ષા બેઠક બાદ ખેડૂતોની રજૂઆતો અને પ્રશ્નો સાંભળવા માટે રાજ્ય સરકારના મંત્રીઓનું પ્રતિનિધિમંડળ સાગબારાની મુલાકાત લેશે. ગાંધીનગરમાં યોજાયેલી બેઠક બાદ નિર્ણય લેવામાં આવ્યો છે કે સરકારી પ્રતિનિધિમંડળ સાગબારા પહોંચી ૧૨ ગામોના આદિવાસી ખેડૂતો સાથે સીધી મુલાકાત કરશે. આ દરમિયાન જંગલ જમીન અધિકાર કાયદા (FRA) હેઠળ ખેડાણના યોગ્ય આધાર-પુરાવા ધરાવતા ખેડૂતોના દાવાઓની ચકાસણી કરી તેના આધારે નિયમાનુસાર નિર્ણય લેવામાં આવશે. આ સાથે જ મંત્રીઓ ખેડૂતો સાથે સંવાદ સાધીને તેમના ધરણાનો સુખદ અંત લાવવાના પ્રયાસો કરશે. સાગબારા અને આસપાસના વિસ્તારોમાં વન અધિકાર કાયદા હેઠળ જમીનના દાવાઓ લાંબા સમયથી પેન્ડિંગ હોવાથી ખેડૂતોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. સાંસદ મનસુખ વસાવાની રજૂઆત બાદ પેન્ડિંગ દાવાઓ અંગે પુરાવાના આધારે સકારાત્મક ઉકેલ લાવવા સરકારે ખાતરી આપી છે.

### તંત્રને તાત્કાલિક રિપેરિંગના આદેશ

# અમદાવાદ BRTS કોરિડોરમાં 'સ્વિંગ ગેટ' બિસ્માર હાલતમાં

## ક્યાંક ગેટ તૂટી ગયા છે તો ક્યાંક ખુલ્લા રહેતા હોવાના કારણે સામાન્ય વાહનો સરળતાથી BRTS ટ્રેકમાં પ્રવેશી રહ્યા છે

અમદાવાદ,

અમદાવાદના BRTS કોરિડોરમાં વાહનોના અનધિકૃત પ્રવેશને અટકાવવા લગાવવામાં આવેલા 'સ્વિંગ ગેટ'ની સ્થિતિને લઈને સવાલો ઉઠ્યા છે. શહેરના કેટલાક વિસ્તારોમાં આ ગેટ ખરાબ થઈ ગયા હોવાની ફરિયાદો સામે આવી છે. ક્યાંક ગેટ તૂટી ગયા છે તો ક્યાંક ખુલ્લા રહેતા હોવાના કારણે સામાન્ય વાહનો સરળતાથી BRTS ટ્રેકમાં પ્રવેશી રહ્યા છે. આ મુદ્દો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ચર્ચાયો હતો. BRTS કોરિડોરમાં સામાન્ય વાહનોના પ્રવેશ પર નિયંત્રણ રાખવા માટે AMC દ્વારા સ્વિંગ ગેટની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ગેટનો હેતુ BRTS બસ અને જરૂરી ઈમર્જન્સી વાહનો સિવાયના વાહનોને કોરિડોરથી દૂર રાખવાનો છે. જોકે, ગેટમાં ખામી સર્જાતા વ્યવસ્થાનો હેતુ જ નિષ્ફળ થતો હોવાનું સામે આવ્યું છે. કેટલાક સ્થળોએ સ્વિંગ ગેટ તૂટી જવા અથવા ખુલ્લા જ રહેવાના કારણે વાહનચાલકોને BRTS કોરિડોરમાં પ્રવેશવાનો સરળ રસ્તો મળી જાય છે. પરિણામે BRTS બસો સાથે સામાન્ય વાહનોની અવરજવર વધે છે અને અકસ્માતની શક્યતા પણ વધી જાય છે. ખાસ કરીને ટ્રાફિકના વ્યસ્ત સમયે આ સ્થિતિ વધુ જોખમી બની શકે છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે બેઠક દરમિયાન ખામીયુક્ત સ્વિંગ ગેટની તાત્કાલિક મરામત કરાવવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી છે. BRTS કોરિડોરમાં ગેટ કાર્યરત રહે અને સામાન્ય વાહનોનો અનધિકૃત પ્રવેશ અટકાવવામાં આવે તે માટે યોગ્ય જાળવણી કરવા પણ ભાર મૂકાયો છે. BRTS ટ્રેકમાં સામાન્ય વાહનોની ઘૂસણખોરીને કારણે અકસ્માતનો ખતરો રહે છે. આવી સ્થિતિમાં તૂટેલા અને બંધ ન થતા સ્વિંગ ગેટને ઝડપથી રિપેર કરાવવાની સાથે નિયમિત ચકાસણી પણ જરૂરી બની છે. હવે છસ્ઝ દ્વારા ગેટની સ્થિતિ સુધારવા અને BRTS કોરિડોરમાં વાહનોના અનધિકૃત પ્રવેશ પર નિયંત્રણ લાવવા શું કાર્યવાહી કરવામાં આવે છે તેના પર નજર રહેશે.


